અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ માર્ચ ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ પૂનમ | અંક : ૨૫૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ડિજિટલ અરેસ્ટ પર સરકારની કાર્યવાહી** | સરકારે ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે ૩,૯૬૨થી વધુ સ્કાઈપ આઈડી અને ૮૩ હજાર ૬૬૮ વોટ્સએપ એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા છે

# સરકારે ૮૩ હજારથી વધારે વોટ્સએપ એકાઉન્ટ બ્લોક કર્યા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

ડિજિટલ અરેસ્ટના કેસોએ દેશભરમાં લૂંટ મચાવી છે. લોકોએ કરોડો રૂપિયા ગુમાવ્યા છે. સરકાર પણ તેનાથી ચિંતિત છે. છેલ્લા કેટલાક મહિનામાં, ડિજિટલ અરેસ્ટ કરનારાઓ સામે ઝડપી કાર્યવાહી કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, સરકારે ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે ૩,૯૬૨થી વધુ સ્કાઈપ આઈડી અને ૮૩ હજાર ૬૬૮ વોટ્સએપ એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા છે. આ આઈડીનો ઉપયોગ કરીને ડિજિટલ અરેસ્ટનો ગુનો આચરી રહ્યા છે. આ અંગે માહિતી કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી સંજય બંદી કુમારે આપી છે. આ સિવાય ૨૮ ફેબ્રુઆરી સુધી ૭.૮૧ લાખથી વધુ સિમ કાર્ડ અને ૨ લાખ ૮ હજાર ૪૬૯ IMEI નંબર બ્લોક કરવામાં આવ્યા છે. સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફોન કરીને ડિજિટલ અરેસ્ટ અંગેની ફરિયાદ કરી શકાય છે.

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી દ્વારા કહેવામાં આવ્યું છે કે જે એકાઉન્ટ્સને બ્લોક કરવામાં આવ્યા છે તેનો ઉપયોગ છેતરપિંડી માટે કરવામાં આવી રહ્યો છે. આ એક નોંધપાત્ર સફળતા છે, પરંતુ હજુ ઘણું કરવાની જરૂર છે. સરકાર દ્વારા આવા એકાઉન્ટ પર નજર રાખવામાં આવી રહી છે અને તે



એક પછી એક બ્લોક કરવામાં આવી રહ્યા છે. સરકાર એવા મોબાઈલ નંબરો સામે પણ કાર્યવાહી કરી રહી છે જે આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગૃહ મંત્રાલયે કહ્યું છે કે ૨૮ ફેબ્રુઆરી સુધી ૭.૮૧ લાખથી વધુ સિમ કાર્ડ અને ૨ લાખ ૮ હજાર ૪૬૯ IMEI નંબર બ્લોક કરવામાં આવ્યા છે.

પોલીસ ડિજિટલ અરેસ્ટના કેસોની તપાસ કરે છે. જ્યારે તેને તેમાં સામેલ કોઈપણ મોબાઈલ નંબર, વોટ્સએપ એકાઉન્ટ અથવા સ્કાઈપ આઈડી મળે છે, તો તેની માહિતી સરકાર સાથે શેર કરવામાં આવે છે. તે પછી નંબર અને આઈડી બ્લોક કરી દેવામાં આવે છે, જેથી કરીને અન્ય કોઈ છેતરપિંડીનો શિકાર ન બને. સોશિયલ મીડિયાની મદદથી ડિજિટલ અરેસ્ટ દ્વારા છેતરપિંડી થઈ રહી છે. અને ઘણા મહિનાઓથી લોકોને પરેશાન કરી પૈસા પડાવવામાં આવી રહ્યા છે. આ પ્રકારના ગુનામાં ગુનેગાર પોતાને સરકારી અધિકારી તરીકે રજૂ કરે છે. તે વીડિયો કોલ કરીને પીડિતાને તેના જ ઘરમાં બંદી બનાવવાનો પ્રયાસ કરે છે. પીડિતને એવું વિચારીને ફસાવવામાં આવે છે કે તેનો કોઈ સંબંધી મુશ્કેલીમાં છે અથવા તેનો મોબાઈલ નંબર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાય છે. ડિજિટલ અરેસ્ટ બાદ પીડિતા પાસેથી પૈસાની માંગણી કરવામાં આવે છે. ડિજિટલ અરેસ્ટના વધતા જતા મામલાઓને ધ્યાનમાં રાખીને સરકારે અનેક પગલાં લીધા છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન વિવિધ ભાષાઓમાં કોલર ટ્યુન સાથે એક અભિયાન ચલાવી રહ્યું છે જેથી કરીને લોકો ડિજિટલ અરેસ્ટની જાળમાં ન ફસાય. લોકોને અપીલ કરવામાં આવી રહી છે કે જો કોઈ તેમને સરકારી અધિકારી હોવાનો ઢોંગ કરીને ફોન કરે છે અને પૈસાની માંગણી કરે છે, તો તેઓ તેમની ડિજિટલી અરેસ્ટ કરવાની યોજના બનાવી રહ્યા છે.

### સેન્સેક્સમાં ૨૦૦થી વધારે પોઈન્ટનો ઘટાડો

## હોળીના તહેવારના દિવસે શેરબજાર લાલ રંગે રંગાયું

| (એજન્સી) મુંબઈ, તા.૧૩ |

મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે, આજે સ્થાનિક શેર બજારમાં વધઘટ જોવા મળી છે. આજના કારોબારમાં, સેન્સેક્સ અને નિફ્ટી બંને સૂચકાંકો વધારા સાથે ખુલ્યા પરંતુ લાલ રંગમાં બંધ થયા. આજે સેન્સેક્સમાં ૨૦૦ પોઈન્ટથી વધુની નબળાઈ જોવા મળી છે. જ્યારે નિફ્ટી પણ નબળો પડ્યો અને ૨૨૪૦૦ની નીચે બંધ થયો. આજના કારોબારમાં, નિફ્ટી પર ફક્ત બેંક ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થયો. જ્યારે ફાઈનાન્શિયલ, ઓટો, એફએમસીજી, આઈટી, મેટલ, ફાર્મા અને રિયલ્ટી સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા હતા. હાલમાં, આજના કારોબારમાં, સેન્સેક્સમાં ૨૦૧ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે અને તે ૭૩૮૨૯ ના સ્તરે બંધ થયો છે. જ્યારે નિફ્ટી લગભગ ૭૩ પોઈન્ટ ઘટીને ૨૨,૩૯૭ ના સ્તરે બંધ થયો. આજે સેન્સેક્સ ૩૦ ના ૨૨ શેર લાલ નિશાનમાં બંધ થયા.

## જેમને હોળીના રંગોથી તકલીફ તે દેશ છોડીને જતા રહે: સંજય નિષાદ

| (એજન્સી) લખનૌ, તા.૧૩ |

ઉત્તર પ્રદેશના કેબિનેટ મંત્રી અને નિષાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સંજય નિષાદે હોળીના તહેવાર પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે જે લોકોને હોળીના રંગોથી તકલીફ છે, તે દેશ છોડીને જતા રહે. અમારી પાર્ટી નિષાદ સમુદાયને એક કરવા માટે નિરંતર પ્રયત્ન કરી રહી છે અને ભાજપમાં રહેતાં પણ નિષાદ પાર્ટી પોતાની ઓળખ બનાવી રાખશે. અમારી પાર્ટી સમાજના હિતમાં કામ કરતી રહેશે. આ સિવાય તેમણે આગામી ચૂંટણીને લઈને દાવો કર્યો કે નિષાદ સમાજનું સમર્થન કરનાર ભાજપ ને મજબૂત કરવાની ઈચ્છાની સાથે તેમની પાર્ટી આગળ વધશે જ્યારે અસ્થિરતા ફેલાવનારી કોઈ પણ રણનીતિને નિષ્ફળ કરવામાં આવશે. હોળી અને જુમ્માની નમાજ એક જ દિવસે છે તેની પર તેમણે કહ્યું, જુમ્મા વાળા પણ ગળે મળે છે.


### અવામી લીગના નેતાના નિવેદને ચર્ચા જગાવી

## ‘સંકટમાં મદદ બદલ ભારતનો આભાર, હસીના બાંગ્લાદેશના ફરી પીએમ બનશે’

### ‘અમે બાંગ્લાદેશના સલાહકારને કહેવા ઈચ્છીએ છીએ કે, તે પદ છોડે અને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા જતા રહે’ રબ્બી આલમ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

USA આવામી લીગના ઉપાધ્યક્ષ અને બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના નજીકના સહયોગી ડૉ. રબ્બી આલમે દાવો કર્યો કે, ‘વડાપ્રધાનના રૂપે શેખ હસીના વાપસી કરશે. તેમણે કહ્યુ કે, યુવા પેઢીએ ભૂલ કરી છે. જોકે, આ તેમની ભૂલ નથી તેમની સાથે દગો થયો છે અને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતાં.’ ડૉ. આલમના આ નિવેદનથી બાંગ્લાદેશના રાજકારણમાં હલચલ ઊભી થઈ છે. રબ્બી આલમે બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, ‘બાંગ્લાદેશ પર હુમલો થઈ રહ્યો છે અને તેને



આંતરરાષ્ટ્રીય કોમ્યુનિસ્ટ દ્વારા સંબોધિત કરવાની જરૂર છે. રાજકીય વિદ્રોહ ઠીક છે પરંતુ, બાંગ્લાદેશમાં આવું નથી થઈ રહ્યું. આ એક આતંકવાદી વિદ્રોહ છે.’આ સિવાય રબ્બીએ ખુલાસો કર્યો કે, ‘અમારા ઘણાં નેતાએ ભારતમાં શરણ લીધી છે અને અમે ભારત સરકારના આભારી છીએ કે, તેણે આ નેતાઓ માટે વ્યવસ્થા કરી આપી. હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ અમારા વડાંપ્રધાન શેખ હસીના માટે સુરક્ષિત યાત્રા માર્ગ આપવા માટે આભારી છું. અમે ભારતના લોકોના પણ આભારી છીએ.’ રબ્બીએ બાંગ્લાદેશની વચગાળાની સરકારના પ્રમુખ મહોમ્મદ યુનૂસને પદ છોડવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, ‘અમે બાંગ્લાદેશના સલાહકારને કહેવા ઈચ્છીએ છીએ કે, તે પદ છોડે અને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા જતા રહે.’ આ સિવાય તેમણે દાવો કર્યો કે, ‘શેખ હસીના વડાંપ્રધાન રૂપે પરત આવી રહ્યાં છે. યુવા પેઢીએ ભૂલ કરી છે, પરંતુ આમા તેમનો વાંક નથી, કારણ કે તેમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતાં.’

## ઈન્સ્ટા પર મિત્રતા કરી બ્રિટિશ મહિલાને ફસાવી

| નવી દિલ્હી, તા.૧૩ |

દિલ્હીના મહિપાલ પુર વિસ્તારમાં એક બ્રિટિશ મહિલા પર દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. પોલીસના જણાવ્યાનુસાર, મહિપાલપુરમાં એક હોટલમાં એક બ્રિટિશ મહિલા પર દુષ્કર્મ આચર્યુ છે. આ મામલે બે આરોપી ઓની ધરપકડ કરી છે અને બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે. અહેવાલો અનુસાર, વસંત કુંજ પોલીસ આ મામલે કાર્યવાહી કરી, પીડિતા ઈંગ્લેન્ડની છે. તે થોડા દિવસ પહેલા મહારાષ્ટ્ર અને ગોવાની મુલાકાતે આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે પીડિતાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર કૈલાશ નામના છોકરા સાથે મિત્રતા કરી હતી. મહિલાએ કૈલાશને ફોન કરીને મળવા કહ્યું હતું.

### ૧૭ માર્ચ સુધી સંસદની કાર્યવાહી સ્થગિત

## સંસદ ભવનમાં સાંસદો મન મુકીને હોળી રમતા જોવા મળ્યા

**ભાજપ સાંસદ જબદમ્બિકા પાલ સહિત કેટલાય અન્ય સાંસદો પર રંગ લગાવ્યો : અન્ય સાંસદોએ પણ પ્રિયા સાથે હોળી રમી હતી**



| (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૩ |

સપા સાંસદ પ્રિયા સરોજે સંસદમાં મન મુકીને હોળી રમ્યા હતા. તેમણે ભાજપ સાંસદ જબદમ્બિકા પાલ સહિત કેટલાય અન્ય સાંસદો પર રંગ લગાવ્યો. અન્ય સાંસદોએ પણ પ્રિયા સાથે હોળી રમી હતી. પ્રિયાએ એક્સ પર સંસદમાં હોળી સેલિબ્રેશનનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેઓ ગુલાલ લઈને હોળી રમતા જોવા મળે છે. વીડિયોમાં તેમની સાથે સપા સાંસદ આનંદ ભદૌરિયા સહિત અન્ય સાંસદો જોવા મળે છે. સંસદમાં ગુલાલ રમ્યા બાદ સપા સાંસદ પ્રિયા સરોજે રંગ બરસે ગીત ગાયું. તેમમે તમામને હોળીની શુભકામનાઓ આપી. પ્રિયાએ કહ્યું કે, અમારા પરિવાર તરફથી આપ સૌને હોળીની શુભકામનાઓ. પાણીનો વેસ્ટ ન કરો અને આપ ખૂબ હોળી રમો. પ્રિયા સરોજ ઉત્તર પ્રદેશના મછલીશહેર લોકસભા સીટથી સપાના સાંસદ છે.

### ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

**અંક બંધ**

ધૂળેટી નિમિત્તે ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત કાર્યાલય તા.૧૪ માર્ચને શુક્રવારના રોજ રજા પાળશે. આથી તા.૧૫ માર્ચનો અંક પ્રસિદ્ધ થશે નહીં. તા.૧૬ માર્ચથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે. જેની સર્વેએ નોંધ લેવી.

-વ્યવસ્થાપક

## પહેલી વખત કરી છે સોનાની દાણચોરી, યુટ્યૂબ પરથી શીખી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

દુબઈથી અંદાજે રૂ. ૧૪ કરોડના ગોલ્ડની દાણચોરી કરનારી કન્નડ અભિનેત્રી રાન્યા રાવે કેસમાં ફરી એકવાર ગળે ન ઉતરે તેવો ખુલાસો કર્યો છે. તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પ્રચલિત અભિનેત્રી અને આઈપીએસ અધિકારીની પુત્રી રાન્યા રાવે અધિકારીઓને જણાવ્યું કે, તેણે આ પહેલી વાર જ સોનાની દાણચોરી કરી હતી, અને તેને છુપાવવા માટેની રીત યુટ્યૂબ પરથી શીખી હતી. અગાઉ તેણે તદ્દન વિપરિત નિવેદન આપ્યું હતું કે, તેને ડરાવી-ધમકાવી તેની પાસેથી સોનાની દાણચોરી કરાવવામાં આવી હતી. મીડિયા સૂત્રો અનુસાર, રાવે જણાવ્યું હતું કે, મેં દાણચોરીની રીત યુટ્યૂબ પરથી શીખી હતી, ત્યારબાદ હું ટેક્નિકનો અમલ કરી દુબઈથી સોનાની દાણચોરી કરી હતી. આ દાણચોરી મેં પ્રથમ વખત જ કરી હતી. અગાઉ ક્યારેય મેં દાણચોરી કરી નથી. રાવનુ આ નિવેદન તેના પહેલાં નિવેદનથી તદ્દન વિપરિત છે. જેથી રાન્યા પોલીસ અધિકારીઓને ગોળ-ગોળ ફેરવી રહી હોવાનો સંકેત મળ્યો છે.

## ટ્રેન હાઈઝેક કરનારા તમામ બલૂચ વિદ્રોહીઓ ઠાર થયા

| (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૩ |

પાકિસ્તાની આર્મીએ આખરે જંગ જીતી લીધી છે. આર્મીના પ્રવક્તા લેફ્ટિનન્ટ જનરલ અહમદ શરીફે પાકિસ્તાની ટીવી ચેનલ દુનિયા ન્યૂઝને જણાવ્યું કે આર્મીએ તમામ ૩૩ બલૂચ વિદ્રોહીઓને મારી નાખ્યા છે. હવે ત્યાં એક પણ બલૂચ વિદ્રોહી હાજર નથી. આર્મી સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. આમાં કેટલા લોકોના મોત થયા છે, તેની વિગત પછી જાહેર કરવામાં આવશે. લેફ્ટિનન્ટ જનરલ અહમદ શરીફે જણાવ્યું કે અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, આ ઘટનામાં ૨૧ મુસાફરો અને અર્ધસૈનિક દળોના ૪ જવાનોના મોત થયા છે. સશસ્ત્ર દળોએ બુધવારે સાંજે તમામ આતંકવાદીઓને મારીને અને તમામ મુસાફરોને સુરક્ષિત છુટકારો અપાવીને ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. તેમણે જણાવ્યું કે મંગળવારે જ્યારે આતંકવાદીઓએ ટ્રેન પર હુમલો કર્યો ત્યારે તેમણે ૨૧ મુસાફરોની હત્યા કરી દીધી. તેમણે કહ્યુ કે આ ઘટનામાં અર્ધસૈનિક દળ ફ્રન્ટિયર કોરના ચાર જવાનો પણ શહીદ થયા છે.

### સ્ટુઅર્ટ મેકગિલને આઠ સપ્તાહ બાદ ફટકારાશે સજા

## ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ ક્રિકેટર કોકેઈનના સોદામાં દોષિત ઠર્યો

### પરંતુ ડ્રગ્સનો મોટાપાયે સપ્લાય કરવામાં તેની સંડોવણીના આરોપમાં સ્ટુઅર્ટ મેકગિલને ક્લિન ચિટ મળી ગઈ છે

| (એજન્સી) સિડની, તા.૧૩ |

ઓસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ ટેસ્ટ મેચ ક્રિકેટર કોકેઈનના સોદામાં દોષિત ઠર્યો છે. સિડનીની કોર્ટે ઓસ્ટ્રેલિયન સ્પિનર સ્ટુઅર્ટ મેકગિલને કોકેઈન સોદામાં સંડોવણી હોવાના આરોપમાં દોષિત ઠેરવ્યો છે, પરંતુ ડ્રગ્સનો મોટાપાયે સપ્લાય કરવામાં તેની સંડોવણીના આરોપમાં તેને ક્લિન ચિટ મળી ગઈ છે. સિડની ડિસ્ટ્રિક્ટ કોર્ટની જ્યુરીએ ૫૪ વર્ષીય ભૂતપૂર્વ લેગ સ્પિનરને એપ્રિલ ૨૦૨૧માં ૩૩૦,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલરના એક કિલો કોકેઈનના સોદામાં તેની સંડોવણી બદલ દોષિત ગણાવ્યો છે. જો કે, તે ડ્રગ સપ્લાયમાં સામેલ હોવાના આરોપમાં નિર્દોષ સાબિત થયો છે. ઓસ્ટ્રેલિયન મીડિયાના અહેવાલો અનુસાર, કોર્ટે જ્યારે મેકગિલને દોષિત પુરવાર કર્યો ત્યારે મેકગિલના ચહેરા પર કોઈ ચિંતા દેખાતી નહોતી.



હવે તેને આ મામલે આઠ સપ્તાહ બાદ સજા સંભળાવવામાં આવશે. કોર્ટમાં થયેલી દલીલ અનુસાર, મેકગિલે સિડનીમાં તેની રેસ્ટોરન્ટમાં જ પોતાના નિયમિત ડ્રગ ડીલર સાથે તેના નજીકના સંબંધી મારિનો સોટીરોપોલોસનો પરિચય કરાવ્યો હતો. જો કે, મેકગિલ આ આરોપોને ફગાવતો આવ્યો હતો. તેણે જણાવ્યું હતું કે, આ સોદાની મને કોઈ જાણકારી નથી. પરંતુ ફરિયાદીઓએ દાવો કર્યો હતો કે તેની સંડોવણી વિના આ સોદો શક્ય જ ન હોત.

### હવામાન વિભાગનું લેટેસ્ટ અપડેટ

## આકરી ગરમી વચ્ચે ૧૮ રાજ્યોમાં વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

દેશમાં છેલ્લા ઘણાં દિવસોથી પડી રહેલી આકરી ગરમીથી લોકોને થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગે દેશના લગભગ ૧૮ રાજ્યોમાં હળવાથી ભારે વરસાદની આગાહી છે. જેમાં દક્ષિણ ભારતના બિહાર, પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તર-પૂર્વ રાજ્યો, કેરળ અને તમિલનાડુનો સમાવેશ થાય છે. ૧૫મી માર્ચ સુધી આ રાજ્યોમાં વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, બે ચક્રવાતને કારણે આગામી થોડા દિવસોમાં દેશના વિવિધ ભાગોમાં વરસાદ અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે. આ ચક્રવાતી પરિવર્તનની અસર એ થશે કે કેટલાક રાજ્યોમાં શિયાળો પાછો આવી શકે છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ગરમી પડશે. પહેલું ચક્રવાત ધીમે ધીમે ઈરાકથી ભારતના ઉત્તરીય પર્વતીય રાજ્યો તરફ આગળ વધી રહ્યું છે, જેના કારણે આ પ્રદેશમાં વરસાદની શક્યતા છે. બાંગ્લાદેશ પર બીજું એક ચક્રવાત રચાઈ રહ્યું છે, જેના કારણે આગામી પાંચ દિવસમાં પૂર્વી અને ઉત્તરપૂર્વીય ભારતીય રાજ્યોમાં વરસાદ પડી શકે છે. ૧૫મી માર્ચ સુધી ભારતના વિવિધ ભાગોમાં વરસાદ પડી શકે છે.

### દ્રવિડના પગમાં વોકર બૂટ બાંધેલું જોવા મળ્યું

## રાહુલ દ્રવિડ કાખઘોડીના સહારે ટીમને કોચિંગ આપતો દેખાયો

### વીડિયો રાજસ્થાન ફ્રેન્ચાઈઝીએ સોશિયલ મીડિયા પર શેર કર્યો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

ભારતીય ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવનાર રાહુલ દ્રવિડ ક્રિકેટ પ્રત્યે તેના જુસ્સા અને નિષ્ઠા માટે જાણીતા છે. તેમજ તેમની સાદગી તેમને વધુ ખાસ બનાવે છે. દ્રવિડ જે પણ ટીમ સાથે જોડાય છે તેને ચેમ્પિયન બનવવામાં પોતાના બેસ્ટ પ્રયાસો કરે છે. એવામાં તે રાજસ્થાન રોયલ્સ કેમ્પ કોચિંગ આપવામાં માટે કાખઘોડીના સહારે પહોંચ્યા હતા. રાજસ્થાન રોયલ્સના કોચ રાહુલ દ્રવિડને પગમાં ઈજા થઈ છે. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન કર્ણાટકમાં તેના પુત્ર અન્વય દ્રવિડ સાથે ક્લબ ક્રિકેટ રમી રહ્યા હતા એ દરમિયાન તેમના પગમાં ઈજા થઈ છે. પરંતુ આ ઈજા પણ તેને ટીમથી દૂર રાખી શકી નથી. ટીમના કોચ રાહુલ દ્રવિડ ઘાયલ છે. પરંતુ આ બધાની વચ્ચે એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેણે ક્રિકેટ ચાહકોનું દિલ જીતી લીધું છે. સાથે જ તે દ્રવિડના જુસ્સાના વખાણ કરતાં



થાકતો નથી. દ્રવિડ મેદાન પર કાખઘોડીની મદદથી ખેલાડીઓને ટ્રેનિંગ આપતા જોવા મળ્યા હતા. તેનો વીડિયો રાજસ્થાન ફ્રેન્ચાઈઝીએ જ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ દરમિયાન દ્રવિડના પગમાં વોકર બૂટ બાંધેલું પણ જોવા મળ્યું હતું. રાજસ્થાનની ટીમની કમાન વિકેટકીપર બેટર સંજુ સેમસનના હાથમાં છે. આ ટીમ અત્યાર સુધી માત્ર એક જ વાર ટાઈટલ જીતી શકી છે.

## વાર્ષિક આવક ૬ લાખ સુધી હશે તો બાળક ફ્રીમાં ભણશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) કાયદા હેઠળ સ્કૂલમાં પ્રવેશ લેવા ઈચ્છતા વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ગરીબ અને ઓછી આવક ધરાવતા પરિવારોના લાખો બાળકો અત્યાર સુધી આરટીઈ હેઠળ પ્રવેશ મેળવી અભ્યાસ કરી રહ્યાં છે. હવે આ કાયદાનો લાભ વધુ લોકોને મળે તે માટે આવકની મર્યાદામાં વધારો કરવામાં આવી શકે છે. અત્યાર સુધી રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન (RTE) કાયદા હેઠળ શાળામાં પ્રવેશ મેળવવા માટે પરિવારની કુલ વાર્ષિક આવક ૧.૨૦ લાખ રૂપિયા સુધી હતી. પરંતુ હવે રાજ્ય સરકાર તેમાં વધારો કરી શકે છે. હવે આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવા માટે આવક મર્યાદા ૬ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. તેની સત્તાવાર જાહેરાત આગામી દિવસોમાં કરવામાં આવી શકે છે.

## એફઆરસીએ વિબગ્યોર સ્કૂલને શો કોઝ નોટિસ ફટકારી

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરા શહેરની વિબગ્યોર સ્કૂલને ડીઈઓ કચેરીએ ૩૦૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યા બાદ હવે વડોદરા ઝોન એફઆરસી (ફી રેગ્યુલેશન કમિટી)એ શો કોઝ નોટિસ ફટકારીને સાત દિવસમાં જવાબ આપવાનો આદેશ આપ્યો છે.એફઆરસીના સભ્યોએ જણાવ્યું હતું કે, વિબગ્યોર સ્કૂલે એફઆરસીએ નક્કી કરેલી ફી લેવાના આદેશનું પાલન કર્યું નથી. સ્કૂલ દ્વારા વાલીઓને એફઆરસીની ફીને લગતી જાણકારી આપવામાં આવતી નથી. સ્કૂલના નોટિસ બોર્ડ પર પણ એફઆરસીએ નક્કી કરેલી ફી દર્શાવી નથી. ઉપરાંત વાલીઓ પાસે નવા શૈક્ષણિક વર્ષના બે ક્વાર્ટરની ફી એડવાન્સમાં માગવામાં આવી રહી છે.

# હોળી-ધૂળેટીના પાવન પર્વે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભકામનાઓ

### હોલિકા દહનમાં આપણે અનિષ્ટનો નાશ કરીએ છીએ, તેમ જ આપણે રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધૂંધ ઉપયોગનો અંત આણીએ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

। ગાંધીનગર, તા.૧૩ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ હોળી અને ધૂળેટીના પાવન અવસર પર ગુજરાતના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે, હોળીનો તહેવાર પરસ્પર પ્રેમ, સૌહાર્દ અને પ્રકૃતિના રંગોથી જીવનને સજાવવાનો સંદેશ આપે છે. આ પર્વ રંગ અને ઉમંગનું જ પ્રતિક માત્ર નથી, પરંતુ આપણને પ્રકૃતિના સંતુલનને જાળવી રાખવાની પ્રેરણા પણ આપે છે. જેવી રીતે 'હોલિકા દહન' દ્વારા આપણે અનિષ્ટ તત્ત્વોનો નાશ કરવાની કામના કરીએ છીએ, તેવી જ રીતે આપણે રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધૂંધ



ઉપયોગનો અંત આણવો જોઈએ. આ પવિત્ર અવસરે, તેમણે નાગરિકોને પ્રાકૃતિક ખેતી સ્વીકારી શુદ્ધ, પૌષ્ટિક અને આરોગ્યપ્રદ ઉત્પાદનોનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી એ સશક્ત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટેનો પાયો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના ખેડુતોને અનુરોધ કર્યો છે કે તેઓ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી ધરતી માતાની ફળદ્રુપતા જાળવી રાખે અને પ્રાકૃતિક ખેત ઉત્પાદનો દ્વારા સ્વસ્થ સમાજની રચનામાં યોગદાન આપે. તેમણે નાગરિકોને પણ અપીલ કરી છે કે, તેઓ પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન અનાજ, ફળ અને શાકભાજીનો વધુમાં વધુ ઉપયોગ કરે, જેથી પરિવાર અને સમાજનું સ્વાસ્થ્ય સુધરી શકે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે આવો, આ હોળી પર આપણે સંકલ્પ લઈએ કે, રસાયણમુક્ત ખેતીને પ્રોત્સાહન આપીશું, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું સેવન કરીશું અને ધરતી માતાને પવિત્ર અને ફળદ્રુપ રાખવામાં પોતાનું યોગદાન આપીશું.

### કામગીરીમાં ગેરહાજર રહેતા શિક્ષકો સામે પણ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે

# ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાનું પરિણામ વહેલું જાહેર કરવાની તૈયારીઓ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

દર વર્ષ કરતાં આ વખતે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા વહેલી લેવાઈ હતી. આ વખતે ફેબ્રુઆરી માસના અંતિમ સપ્તાહમાં આ પરીક્ષા શરૂ થઈ હતી. જે રીતે પરીક્ષા વહેલી શરૂ કરવામાં આવી તેવી જ રીતે બોર્ડની પરીક્ષાના પરિણામ પણ વહેલા જાહેર કરવામાં આવે તેવી તૈયારીઓ શિક્ષણ બોર્ડ દ્વારા જોવા મળી રહી છે. પરીક્ષાઓ પૂર્ણતાના આરે છે ત્યારે અત્યારથી જ પરીક્ષાના પેપરની ચકાસણી શરૂ કરી દેવામાં આવી છે. આ પેપર ચકાસણીની કામગીરીમાં ગેરહાજર રહેતા શિક્ષકો સામે પણ શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થઈ છે. હવે માત્ર સામાન્ય પ્રવાહના કેટલાક પેપર બાકી રહ્યા છે ત્યારે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર વિદ્યાર્થીઓની ઉત્તરવહી ચકાસણી કરવાની કામગીરી શરૂ થઈ છે.

ચાલુ વર્ષે પરીક્ષા વહેલી શરૂ થઈ હતી જેથી બોર્ડ દ્વારા પરિણામ પણ બને એટલું વહેલું જારી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અંગે પરીક્ષાના મૂલ્યાંકન કેન્દ્રના નિયામક ભાવિનભાઈ દેસાઈએ જણાવ્યું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા મૂલ્યાંકન કામગીરી કરવામાં આવી છે જેમાં ધોરણ ૧૦ માટે અલગ મૂલ્યાંકન કેન્દ્ર હોય છે જ્યારે ધોરણ ૧૨ ના પેપરની ચકાસણી માટે અલગ મૂલ્યાંકન કેન્દ્ર હોય છે. જે મુજબ જુહાપુરાના આ મૂલ્યાંકન કેન્દ્રમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ચાર વિષયની મૂલ્યાંકન કામગીરી કરવામાં આવી રહી છે. આ કેન્દ્રમાં ૭૬ શિક્ષકો મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા છે. જેમાં ૬૬ મૂલ્યાંકનકાર, ૧૦ મોડેરેટર અને ૨ કો-ઓર્ડિનેટરનો સમાવેશ થાય છે. મૂલ્યાંકન કામગીરી સાથે સંકળાયેલા શિક્ષકો ઉત્તરવહી ચકાસે છે. જો કોઈ પેપર ચકાસણીમાં ૧૦ થી ઓછા માર્ક્સ આવ્યા હોય કે ૯૦ ઉપર માર્ક્સ આવે તો તે ઉત્તરવહી મોડેરેટર પણ ચકાસશે.

# રાતના સમયે અંદર ઘૂસી ભગવાનની ચાંદીની મૂર્તિ અને દાનપેટી ચોરીને ભાગી ગયા

### આ ઘટનાને લઈને ભક્તોમાં હાલ રોષનો માહોલ ફેલાયેલો છે

। (એજન્સી) જામનગર, તા.૧૩ ।

જામનગરમાં એક ચોંકાવનારી ચોરીની ઘટના સામે આવી છે. જેમાં શહેરના પ્રખ્યાત કુંડલિયા હનુમાનજીના મંદિરે આ ચોરીની ઘટના બની છે. જેને લઈને હાલ શહેરમાં ચકચાર મચી જવા પામી છે. સાથે જ મંદિરમાં ચોરીની ઘટનાને લઈને ભક્તોમાં રોષનો માહોલ પણ ફેલાયો છે. મોડી રાત્રીના સમયે આ ચોરીની ઘટના બની હતી. જેમાં તસ્કરોએ મંદિરમાં પ્રવેશી રામજી મંદિરમાંથી ચાંદીની મૂર્તિઓ ચોરી લીધી સાથે જ દાનપેટી પણ તસ્કરો ચોરીને ફરાર થઈ ગયા છે. જેથી હાલ આ ચોરીની ઘટનાનો મુદ્દો શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. તસ્કરો મંદિરની દિવાલ કૂદીને અંદર ઘૂસ્યા હતા. જ્યાં તેમણે રાતના સમયે મંદિરની દિવાલ કૂદીને અંદર ઘૂસ્યા અને બાદમાં તેઓ ચાંદીની મૂર્તિ તેમજ દાનપેટી લઈને ફરાર થઈ ગયા હતા. જેથી ચોરીની આ ઘટનાને લઈને જોડિયા પંથકમાં હાલ ચકચાર મચી જવા પામી છે. મંદિરના મહંત હોળી પહેલા દ્વારકા અને સોમનાથ દર્શન કરવા માટે ગયા હતા. તે જ સમયે આ ચોરીની ઘટના બની જેથી આ ઘટનાને લઈને લોકો નવાઈ પામી ગયા છે. નવાઈની વાત તો એ છે કે તસ્કરોએ મંદિરમાં ઘૂસીને ચોરી કરી જેમાં ભગવાનની ચાંદીની મૂર્તિઓ પણ તેઓ ચોરીને જતા રહ્યા. ઉલ્લેખનીય છે કે જે સમયે ચોરી થઈ તે સમયે મંદિરના પૂજારી પણ અંદર સૂતા હતા. જેમાં તસ્કરોએ તેમના રૂમને બહારથી બંધ કરી દીધો અને બાદમાં ચોરીને અંજામ આપ્યો હતો.

### રાજ્ય સરકાર દ્વારા પણ મટીરીયલ કોસ્ટમાં વધારો જાહેર કરાયો

# મધ્યાહન ભોજનમાં હવે લીલા શાકભાજી અને સીંગતેલનો ઉપયોગ કરવામાં આવશે

### હવે કપાસિયા તેલના સ્થાને સીંગતેલનો ઉપયોગ કરાશે જો કે, હવે તેનો અમલ થાય છે કે નહીં તે તો જોવું રહ્યું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

ગુજરાત વિધાનસભાની કાર્યવાહી ચાલી રહી છે. ત્યારે આજે (૧૩ માર્ચ, ૨૦૨૫) ગૃહમાં મધ્યાહન ભોજન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. જેમાં સવાલના જવાબ આપતા મધ્યાહન ભોજન પાછળ થતાં ખર્ચ અને આગામી સમયમાં ફેરફારો કરવા અંગે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે વાત કરી હતી. આ દરમિયાન આગામી આયોજન અંગે વાત કરતા શિક્ષણ મંત્રીએ કહ્યું કે, 'મધ્યાહન ભોજનમાં લીલા શાકભાજીનો ઉપયોગ શરૂ કરાયો છે. હવે કપાસિયા તેલના સ્થાને સીંગતેલનો ઉપયોગ કરાશે.' જો કે, હવે તેનો અમલ થાય છે કે નહીં તે તો જોવું રહ્યું.રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં મધ્યાહન ભોજન યોજના માટે કરવામાં આવેલા ખર્ચ અંગેની વિગતો આપતાં શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, '૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં રૂ. ૧૧૪૬.૧૨ કરોડ અને ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં રૂ. ૧૦૭૩.૫૬ કરોડ ખર્ચ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત બાળકદીઠ ખર્ચની માહિતી આપતાં શિક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, '૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં (ઘઉં ચોખા) ઉપરાંત, બાલવાટિકાથી ધોરણ ૫ના બાળક માટે પ્રતિ માસ રૂ. ૧૫૬.૭૮ અને ધોરણ ૬ થી ૮ના બાળક માટે પ્રતિ માસ રૂ. ૨૨૦.૨૨નો ખર્ચ કરવામાં આવ્યો છે. આ જ પ્રકારે, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીના એક વર્ષમાં અનાજ (ઘઉં-ચોખા) ઉપરાંત, બાલવાટિકાથી ધોરણ ૫ના બાળક માટે પ્રતિમાસ રૂ.૧૯૧.૬૨ અને ધોરણ-૬ થી ૮ના બાળક માટે પ્રતિ માસ રૂ. ૨૭૩નો ખર્ચ કરવામાં આવ્યો છે.'મંત્રી કુબેર ડિંડોરે કહ્યું હતું કે, 'મધ્યાહન ભોજન માટેની મટિરિયલ કોસ્ટમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો અનુક્રમે ૬૦ ટકા અને ૪૦ ટકાનો હોય છે. આ ખર્ચમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ વધારા મુજબ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા પણ મટીરીયલ કોસ્ટમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે.

## ભાવનગરમાં પિતાએ પુત્રીનું ગળું દબાવીને હત્યા કરી

। (એજન્સી) ભાવનગર, તા.૧૩ ।

પુત્રીના અન્ય સાથે પ્રેમ સંબંધ હોય પિતાએ પુત્રીનું ગળું દબાવી હત્યા કર્યાનું તેમજ પોતાના ભાઈની મદદથી હત્યા બાદ પુત્રીના મૃતદેહને કોઈને પણ જાણ કર્યા વિના ગામના મોક્ષ મંદિરે જઈ અગ્નિદાહ આપી પુરાવાઓનો નાશ કરી સાહેદને ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવાતા પાલીતાણા રૂરલ પોલીસે ગુનો દાખલ કરી બન્નેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.પાલીતાણા રૂરલ પોલીસ સૂત્રોથી પ્રાપ્ત વિગતો મુજબ, ગારિયાધાર તાલુકાના સાંઢખાખરા ગામે રહેતા પોપટભાઈ મનજીભાઈ ગોહિલ (ઉં. વ. ૬૩)એ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, પોતાની ભાણેજ જલ્પાબેન (ઉં.વ. ૧૯)ને અન્ય સમાજના વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ હોવાથી તેના પિતા દિપક ધીરૂભાઈ રાઠોડે ગત તા. ૭-૦૩ના રોજ સવારના સમયે તેના પ્રેમસંબંધ અંગે બોલાચાલી કરી ઝાપટ મારી એકદમથી ઉશકેરાઈને જલ્પાબેનનું ગળું દાબી હત્યા કરી નાખી હતી.

### ફિક્સ ડિપોઝિટમાં વળતરના નામે છેતરપિંડી

# વિધવા સહિત ૫૦થી વધુ રોકાણકારોના ૧૧ કરોડથી વધુની છેતરપિંડી

। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।

રાજકોટ શહેરમાં વધુ એક શરાફી મંડળીના પ્રમુખ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું છે. રાજકોટ શહેરના નાના મૌવા રોડ પર આવેલી મની પ્લસ શરાફી સહકારી મંડળીના પ્રમુખે ૧૧ કરોડથી પણ વધુની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે ૫૭ વર્ષીય વેપારી રશ્મિન પરમાર દ્વારા રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશન ખાતે મની પ્લસ શરાફી સહકારી મંડળીના પ્રમુખ અલ્પેશ દોંગા વિરુદ્ધ આઈપીસીની કલમ ૪૦૯, ૪૨૦, ૧૨૦(B) તેમજ ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર એક્ટની કલમ ૩-૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસને આપેલી ફરિયાદમાં રશ્મિન પરમાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અલ્પેશ દોંગા દ્વારા રોકાણકારોને સહકારી મંડળીમાં ફિક્સ ડિપોઝિટ રાખશે તો મહિનાનું એક ટકા લેખે વળતર આપવામાં આવશે તે પ્રકારની લાલચ આપવામાં આવી હતી. જે અંતર્ગત પોતે ૪૩ લાખ રૂપિયા તેમજ ભાભી તથા પત્નીના નામે ૧૭ લાખ રૂપિયા મળી કુલ ૫૦ લાખ રૂપિયા જેટલું રોકાણ કર્યું હતું. તેમજ અન્ય સગા સંબંધી તેમજ અન્ય રોકાણકારોની ૧૦,૪૮,૯૮,૦૦૦ જેટલી મળીને કુલ ૧૧,૦૮,૯૮,૦૦૦ રૂપિયા જેટલી રકમની છેતરપિંડી અતરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. અલ્પેશ દોંગા દ્વારા જુદા જુદા રોકાણકારો પાસેથી એફડી સ્વરૂપે નાણાં પોતાના શરાફી સહકારી મંડળીમાં રોકાણ કરાવ્યા હતા. તેમજ ત્યારબાદ મુદલ તથા તેનું વળતર નહીં ચૂકવી પૂર્વ આયોજિત કાવતરું રચીને છેતરપિંડી અચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

### મસ્તીઓમાં મૂર્તિઓ ખંડિત કરી

# પંચમહાલના દેરાસરમાં મૂર્તિ ખંડિત કરનાર 3 લોકોની ધરપકડ

। (એજન્સી) પંચમહાલ, તા.૧૩ ।

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા પાસે આવેલા ધનેશ્વર ગામના જૈન દેરાસરમાં મહાવીર સ્વામી સહિતની મૂર્તિઓ ખંડિત કરનાર ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. સોમવારે (૧૦ માર્ચ) બનેલી ઘટના બાદ પોલીસે મંગળવારે (૧૧ માર્ચ) કેટલાક શકમંદોની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરતાં તેમણે જણાવ્યું હતું કે મસ્તીઓમાં મૂર્તિઓ ખંડિત કરી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ધનેશ્વર ગામમાં વિજય ઈન્દ્ર જગત વિદ્યાલયના પટાંગણમાં ભગવાન મહાવીર સ્વામીનું જિનાલય આવેલું છે. રવિવારે કેટલાંક અજાણ્યા ઈસમો દ્વારા દેરાસરના મિજાગરા નકુચા તોડી અંદર બિરાજમાન ભગવાન મહાવીર સ્વામીની મૂર્તિને ખંડિત કરવામાં આવી હતી. પલાઠી અને હાથ તોડી નાખવામાં આવ્યા હતા. ગર્ભગૃહ બહાર સ્થાપિત ગૌતમ સ્વામીની પ્રતિમાનો તો પલાઠી સિવાયનો સંપૂર્ણ ભાગ તોડી પડાયો હતો અને વલ્લભસુરી મહારાજની મૂર્તિનું માથું ધડથી અલગ કરી દેવાયું હતું. આ ઘટનાની જાણ વાયુવેગે જૈન સમાજમાં પ્રસરી જતાં ભારે આક્રોશનું વાતાવરણ જોવા મળ્યું હતું.આ મામલે જૈન અગ્રણીઓએ મંગળવારે ઘોઘંબાના રાયગઢ પોલીસ સ્ટેશનના મહિલા પી.આઈ. બી.ટી. બુટીયાને રજૂઆત કરી હતી કે, આરોપીઓને શોધી કાઢવામાં આવે. દુનિયાભરમાં વસતા લાખો જૈનોની ધાર્મિક લાગણી દુભાણી છે. મામલાની ગંભીરતા જોતા પોલીસ તંત્ર પણ દોડતું થઈ ગયું છે અને શકમંદો તથા સીસીટીવીના ફૂટેજના આધારે આ ઘટનાને અંજામ આપનાર તત્ત્વો ઉપર ગાળીયો કસવામાં આવ્યો હતો.

## વિશેષ

### ડાંગ જિલ્લાના ઐતિહાસિક અને ભાતિગળ લોકમેળા 'ડાંગ દરબાર'નુ થયુ સમાપન

# ડાંગના રાજવીશ્રીઓના યથોચિત સન્માન સાથે આહવા ખાતે ચાર દિવસિય 'ડાંગ દરબાર'ના ભાતિગળ લોકમેળાનુ સફળ આયોજન સંપન્ન

। (માહિતી) અમદાવાદ ।

ડાંગ જિલ્લાની ભાતિગળ લોક સંસ્કૃતિને ઉજાગર કરતા ડાંગ જિલ્લાના 'પોતિકા' ઉત્સવ એવા 'ડાંગ દરબાર-૨૦૨૫' ના ભાતિગળ લોકમેળાનુ આજે સમાપન થયુ છે. ડાંગના માજી રાજવીશ્રીઓના યથોચિત સન્માન સાથે તા.૯ થી તા.૧૨ માર્ચ દરમિયાન, ડાંગ જિલ્લાના મુખ્ય વહીવટી મથક આહવા ખાતે, ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગુજરાત પ્રવાસન નિગમના સહયોગ સાથે, આ ભાતિગળ લોકમેળાનુ આયોજન કરવામા આવ્યુ હતુ. ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે ગત તારીખ ૯મી માર્ચના રોજ મેળાનો પ્રારંભ થયો હતો.






આદિવાસી સમાજની જીવનશૈલી, તેમનો પ્રકૃત્તિપ્રેમ, કલા વારસો વિગેરેને જાણવાનો અને માણવાનો અણમોલ અવસર પુરો પાડતા 'ડાંગ દરબાર'ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરતા મંત્રી શ્રી હળપતિએ રાજા, રજવાડાઓની માતૃભૂમિ પ્રત્યેની દેશભક્તિની અપ્રતિમ ચાહનાને યાદ કરતા, ડાંગ જિલ્લાના આ ઐતિહાસિક મહોત્સવને કારણે દેશની શુરવિરતા, શૌર્યગાથા, અને આદિવાસી ગૌરવને જાણવાનો અવસર પ્રદાન થાય છે, તેમ જણાવ્યું હતુ. વર્ષ ૨૦૨૫ના 'ડાંગ દરબાર' ના આ ભાતિગળ લોકમેળામા રાજવી પરિવારોને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૬૭ લાખ, ૧૫ હજાર, ૭૧૬નુ વાર્ષિક સાલિયાણુ પણ ચુકવવામા આવ્યુ હતુ. 'ડાંગ દરબાર' ના ઐતિહાસિક લોકમેળામા ઉમટતી જનમેદની, રાહદારીઓ, વેપારીઓ વિગેરેની સરળતા માટે, ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી રાજ સુથારના માર્ગદર્શન હેઠળ વિવિધ સમિતિઓની રચના કરવામા આવી હતી. આહવા ખાતે આયોજીત આ મેળામા રંગ ઉપવનના રંગમંચ ઉપર સતત ચાર ચાર દિવસો સુધી જિલ્લા, રાજ્ય, અને રાજ્ય બહારની કુલ ૫૫ થી વધુ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની કૃતિઓ રજુ થઈ હતી. ડાંગના દરબારીઓએ આ કૃતિઓને મનભરીને માણી હતી. લોકોના મનોરંજન માટે મેળામા વિવિધ રાઈડ્સનુ પણ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ડાંગ કલેક્ટર શ્રી રાજ સુથાર, અધિક નિવાસી કલેક્ટર શ્રી શિવાજી તબીયાર, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આંબલીયા સહિતના અધિકારીશ્રીઓના સીધા માર્ગદર્શન હેઠળ, મનોરંજન રાઈડ્સ પાસે કોઈ અનિચ્છિનીય બનાવ ન બને તે માટે ફાયર સેફ્ટીની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામા આવી હતી. જેમા ફાયર એક્ઝીક્યુટર, રેતી/માટીની ડોલ, પાણીના ડ્રમ તથા મેળા દરમિયાન આગના બનાવો ન બને તે માટે પુરતી સાવચેતી અને કાળજી રાખવામા આવી હતી. આ સાથે જ ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ, નાયબ જિલ્લા પોલીસ અધીક્ષક શ્રી એસ.જી. પાટીલ, શ્રી જયદીપ સરવૈયા સહિતના અધિકારીશ્રીઓ સહિત તેઓની સમગ્ર ટીમ દ્વારા, 'ડાંગ દરબાર'ના મેળામા સુચારૂ આયોજન માટે ટ્રાફિક વ્યવસ્થાઓ ગોઠવવામા આવી હતી. જેમા મેળામા આવતા લોકોને તકલીફ ન પડે તે માટે ૭ પોલીસ ઈન્સપેક્ટર, ૧૪ પોલીસ સબ ઈન્સપેક્ટર, ૧૨૫ જેટલા પોલીસ કર્મીઓ સહિત ૬૫૦થી વધુ હોમગાર્ડ અને જી.આર. ડી જવાનો સુરક્ષા માટે તૈનાત કરાયા હતા. આ સાથે જ પોલીસ ની SHE ટીમ પણ તૈનાત કરવામા આવી હતી. જેઓએ લોકોને ફોજદારીના નવા કાયદા, સાયબર અવેરનેસ અને નશામુક્તિ અભિયાન અંગેની સતત જાણકારી પુરી પાડી હતી. ઉપરાંત મેળા દરમિયાન વિવિધ સખી મંડળના કુલ ૪૨ થી સ્ટોલ્સ પણ પ્રદર્શિત કરવામા આવ્યા હતા. જેમા મહિલાઓએ પ્રાકૃતિક ખેત પેદાશોનુ વેચાણ કર્યું હતુ. આ સાથે જ મેળા દરમિયાન મેડિકલ સુવિધાઓ, સફાઈ અને સૅનિટેશન, પીવાના પાણીની વ્યવસ્થા, સ્ટેજ-મંડપ અને બેઠક વ્યવસ્થા વિગેરે પણ ઉત્કૃષ્ટ રીતે ગોઠવવામા આવી હતી. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાના પ્રજાજનોમા અદકેરું સ્થાન મેળવનારા રાજવીશ્રીઓનુ 'ડાંગ દરબાર'ના મેળા દરમિયાન ઐતિહાસિક પોલિટિકલ પેન્શન એનાયત કરવા સાથે, તેમનુ પરંપરાગત રીતે સ્વાગત/અભિવાદન કરવામા તેમજ મેળામા આવતા લોકોને તમામ વ્યવસ્થાઓ મળી રહે તે માટે જિલ્લા કલેક્ટર શ્રી રાજ સુથાર, જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયા, નાયબ વન સંરક્ષક સવશ્રી રવિ પ્રસાદ, અને દિનેશ રબારી, પ્રાયોજના વહિવટદાર શ્રી આંનદ પાટીલ, અધિક નિવાસી કલેક્ટર શ્રી એસ. ડી.તબીયાર, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આંબલીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલ સહિતના ઉચ્ચાધિકારીઓ તેમજ વિવિધ સમિતિના સભ્યોએ, 'ડાંગ દરબાર' મેળાના સફળ આયોજનમા મહત્વપુર્ણ ભૂમિકા અદા કરી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## ગેસ ટેન્કરે બે વાહનોને લીધા અડફેટે, સાત લોકોએ જીવ ગુમાવ્યા



। (એજન્સી) ધાર, તા.૧૩ ।

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૭ લોકોએ જીવ ગુમાવ્યા અને ૩ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માત બુધવારે રાત્રે બદનાવર-ઉજ્જૈન હાઈવે પર ગેસ ટેન્કર, કાર અને પિકઅપ વચ્ચે સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયંકર હતો કે, પિકઅપ ટેન્કર નીચે કચડાઈ ગયું હતું. મૃતકો રતલામ અને મંદસૌર જિલ્લાના રહેવાસી હતા.બદનાવર-ઉજ્જૈન ચાર રસ્તા પર થયેલા આ અકસ્માતે બધાને હચમચાવી નાખ્યા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ગેસ ટેન્કર ખૂબ જ ઝડપથી રોંગ સાઈડમાં આવી રહ્યું હતું. તેની સામે આવી રહેલી કાર અને પિકઅપને ટક્કર મારી હતી. કાર અને પિકઅપમાં મુસાફરી કરી રહેલા લોકો અકસ્માતનો ભોગ બન્યા હતા. સ્થાનિક લોકોએ પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી.

## ઈન્ડોનેશિયાની જેલમાં કેદીઓએ બબાલ કર્યા બાદ લગાવી આગ



। (એજન્સી) ઈન્ડોનેશિયા, તા.૧૩ ।

ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પરની જેલમાં કેદીઓએ ભારે બબાલ કર્યા બાદ આગ ચાપી દીધી છે, જેના કારણે જેલમાંથી ૧૦૦થી વધુ કેદીઓ ફરાર થઈ ગયા છે. પોલીસના જણાવ્યા મુજબ, કેદીઓ વચ્ચે જેલમાં ભયાનક ઝઘડો થયો હતો, ત્યારબાદ તેઓએ ત્યાં આગ લગાવી દીધી હતી. આ દરમિયાન કેદીઓ ફરાર થઈ ગયા છે. સ્થાનિક મીડિયામાં જેલમાં થયેલો ઝઘડો અને ફરાર કેદીઓના વીડિયો ફુટેજ પણ વાયરલ થયા છે. વીડિયોમાં ભીષણ આગ જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, ઈન્ડોનેશિયામાં જેલોની અત્યંત ખરાબ હાલત છે અને ત્યાં કેદીઓ ફરાર થવાની ઘટના સામાન્ય બની ગઈ છે. પોલીસે દાવો કર્યો છે કે, 'અમને જેલમાં હોબાળો થયો હોવાની તેમજ કેદીઓ ફરાર થવાની માહિતી મળ્યા બાદ અમારી ટીમે તુરંત કાર્યવાહી શરૂ કરી હતી. ટીમે ફરાર થવાની થોડી જ મિનિટોમાં ૧૧૫ કેદીઓને પકડી પાડ્યા છે. રિઆઉ પ્રાંતના પોલીસ વડા વિડોડા ઈકોએ કહ્યું કે, જેલમાં ૬૫૦થી વધુ કેદીઓ છે. હજુ અનેક કેદીઓ ફરાર હોવાની આશંકા છે. જેલના વહીવટીતંત્રે ફરાર કેદીઓને પકડવા માટે સ્થાનિક પોલીસની મદદ લેવી પડી છે. સુમાત્રા ટાપુની આસપાસ પુરજોશમાં ઓપરેશન શરૂ કરી દેવાયું છે.

### મહાકુંભમાં નાવિકે ૩૦ કરોડની કમાણી કરી હતી

# નાવિકને ઈન્કમટેક્સ તરફથી બાર કરોડની નોટિસ મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

પ્રયાગરાજના અરૈલ ગામના નાવિક પિન્ટૂ મહરા મહાકુંભ બાદ ખૂબ જ ચર્ચામાં આવ્યા છે. તેમણે મેળા દરમ્યાન જોરદાર કમાણી કરી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દાવો કર્યો હતો કે, મહાકુંભ દરમ્યાન ફક્ત ૪૫ દિવસમાં ૩૦ કરોડ રૂપિયાની કમાણી કરી. આ સમાચાર બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા છંછેડાઈ ગઈ અને હવે એવી ખબર મળી રહી છે કે, નાવિકને ઈન્કમ ટેક્સ વિભાગ તરફથી નોટિસ આવી છે. આ નોટિસમાં તેમની પાસેથી ૧૨.૮ કરોડ રૂપિયાનો ટેક્સ માગ્યો છે. આ મામલો વન ટાઈમ હાઈ ઈન્કમ અને તેના પર લાગતા ટેક્સને લઈને કેટલાય સવાલો



ઊભા કરે છે. પ્રયાગરાજના રહેવાસી નાવિક પિન્ટૂ મહરાની કિસ્મત મહાકુંભ દરમ્યાન પલટાઈ ગઈ. રોજના ૫૦૦ રૂપિયા કમાતા પિન્ટૂએ ૪૫ દિવસમાં ૩૦ કરોડની કમાણી કરી હતી. સીએમ યોગી આદિત્યનાથે વિધાનસભામાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, "૧૩૦ હોડીવાળા આ પરિવારે કુલ ૩૦ કરોડ રૂપિયાની કમાણી કરી, એટલે કે હોડીમાંથી દરરોજ ૫૦,૦૦૦-૫૨,૦૦૦ રૂપિયાની કમાણી કરી." પહેલા જ્યાં એક હોડીથી ૧૦૦૦-૧૨૦૦ રૂપિયા રોજના કમાતા હતા, તો વળી મહાકુંભમાં આ કમાણી કેટલાય ગણી વધી ગઈ. પણ ખુશી બાદ પિન્ટૂ પર આફતોનો પહાડ તૂટી પડ્યો છે. તેમને ઈન્કમ ટેક્સ વિભાગ તરફથી ૧૨.૮ કરોડ રૂપિયાના ટેક્સની નોટિસ મળી છે. આ નોટિસ ઈન્કમ ટેક્સ અધિનિયમ ૧૯૬૧ની કલમ ૪ અને ૬૮ અંતર્ગત મોકલવામાં આવી છે. આ ઘટના અનિયોજિત આવક પર ટેક્સના મુદ્દા પર ચર્ચા છેડાઈ ગઈ છે. હકીકતમાં જોઈએ તો, પિન્ટૂએ ખુલાસો કર્યો હતો કે, તેમણે અને તેમના પરિવારે મહાકુંભ દરમ્યાન હોડીઓ ચલાવીને ૪૫ દિવસમાં ૩૦ કરોડની કમાણી કરી હતી.

### ટેક્સ સેવિંગ પણ વધુ થશે

# પત્ની સાથે જોઈન્ટ હોમ લોન લેવાથી મળશે ડબલ ફાયદો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

પત્ની સાથે હોમ લોન લેવાથી તમને ઘણા ફાયદા મળે છે. જોઈન્ટ હોમ લોન લેવાથી EMI પર વ્યાજ દરમાં સારી એવી છૂટ પણ મળે છે. સાથે જ તમે આવકવેરામાં પણ બચત કરી શકો છો.જોઈન્ટ હોમ લોન લેવાથી તમારું વ્યાજ દર ઘટી જાય છે, જેનાથી EMI પર પણ અસર પડે છે. સાથે જ ઉધાર લેનારની લોન લેવાની મર્યાદા પણ વધી જાય છે.મોટાભાગની બેંકો હોમ લોન પર એક જેવી જ લોન આપે છે, પરંતુ જો કોઈ ઉધાર લેનાર જોઈન્ટ હોમ લોન લે છે, તો તેને ઓછા વ્યાજ દરે લોન મળી જાય છે. આ અંગે મળેલી માહિતી અનુસાર,



જોઈન્ટ હોમ લોન લેવાથી ૦.૦૫ ટકા વ્યાજ દરમાં છૂટ મળે છે. આ ઉપરાંત, જો તમે તમારી પત્ની સાથે હોમ લોન લો છો, તો તેમનો પ્રોપર્ટી પર માલિકી હક્ક હોવો જરૂરી છે.જોઈન્ટ હોમ લોન લેવાથી માત્ર લોન પર જ ફાયદો નથી મળતો, પરંતુ તેનાથી આવકવેરામાં પણ છૂટ મળે છે. જોઈન્ટ હોમ લોન લેનારા બંને કો-એપ્લિકન્ટ અલગ-અલગ ટેક્સ બેનિફિટ માટે અરજી કરી શકે છે. પતિ અને પત્ની બંને ૧.૫ લાખ-૧.૫ લાખ રૂપિયા સુધીનો દાવો કરી શકે છે.આ સાથે જ, કલમ ૨૪ હેઠળ પતિ અને પત્ની બંને ૨-૨ લાખ રૂપિયા સુધીનો દાવો કરી શકે છે. જેનો અર્થ છે કે કુલ મળીને તમને ૭ લાખ રૂપિયા સુધીનો લોનનો ફાયદો મળે છે.ખરાબ ક્રેડિટ સ્કોરના કારણે ઘણા લોકોને લોન લેવામાં મુશ્કેલી પડે છે. આવી સ્થિતિમાં તમે જોઈન્ટ હોમ લોનનો સહારો લઈ શકો છો. પરંતુ આ સ્થિતિમાં કો-એપ્લિકન્ટનો ક્રેડિટ સ્કોર સારો હોવો જોઈએ. આ સાથે જ તેની પાસે આવકનો સ્ત્રોત હોવો ફરજિયાત છે. આ સાથે જ તમને ઘણા કાયદાકીય ફાયદા પણ થાય છે.



દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તા સાથે રક્ષામંત્રી રાજનાથ સિંહએ મુલાકાત કરી.

## કેન્દ્ર સરકાર તુવેર, અડદ અને મસુરના ઉત્પાદનનો ૧૦૦% હિસ્સો MSP પર ખરીદવા પ્રતિબદ્ધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કેન્દ્ર સરકાર તુવેર, અડદ અને મસુરના ઉત્પાદનનો ૧૦૦% હિસ્સો MSP પર ખરીદવા માટે પ્રતિબદ્ધ છે તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે. તદઅનુસાર, ભારત સરકારે ૧૫માં નાણા પંચની ભલામણ અનુસાર ૨૦૨૫-૨૬ માટે સંકલિત પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન (PM-AASHA) યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે. સંકલિત PM-AASHA યોજના ખરીદી કામગીરીના અમલીકરણમાં વધુ અસરકારકતા લાવવા માટે સંચાલિત છે. જે ખેડૂતોને તેમના ઉત્પાદન માટે લાભદાયી ભાવ આપે છે એટલું જ નહીં પરંતુ ગ્રાહકોને પોષણક્ષમ ભાવે તેમની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરીને આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં થતી અસ્થિરતાને પણ નિયંત્રિત કરે છે. સંકલિત PM-AASHA યોજનાની ભાવ સહાય યોજના હેઠળ, નિર્ધારિત વાજબી સરેરાશ ગુણવત્તા (FAQ) ને અનુરૂપ સૂચિત કઠોળ, તેલીબિયાં અને કોપરાની કેન્દ્રીય નોડલ એજન્સીઓ (CNAs) દ્વારા રાજ્ય સ્તરની એજન્સીઓ દ્વારા પૂર્વ-નોંધાયેલા ખેડૂતો પાસેથી સીધા લઘુતમ ટેકાના ભાવ (MSP) પર ખરીદી કરવામાં આવે છે. કઠોળના સ્થાનિક ઉત્પાદનમાં વધારો કરવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે, સરકારે ખરીદી વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્યના ઉત્પાદનના ૧૦૦% જેટલા ભાવ સહાય યોજના (PSS) હેઠળ તુવેર, અડદ અને મસૂરની ખરીદીને મંજૂરી આપી છે. સરકારે ૨૦૨૫ના બજેટમાં એવી પણ જાહેરાત કરી છે કે, દેશમાં કઠોળમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે આગામી ચાર વર્ષ માટે ૨૦૨૮-૨૯ સુધી રાજ્યના ઉત્પાદનના ૧૦૦% જેટલા તુવેર, અડદ અને મસૂરની ખરીદી કેન્દ્રીય નોડલ એજન્સીઓ દ્વારા કરવામાં આવશે. તદનુસાર, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે તુવેર (અરહર) મસુર અને અડદની ખરીદીને અનુક્રમે 13.22 LMT, 9.40 LMT અને 1.35 LMT મંજૂરી આપી. તેમણે ખરીફ ૨૦૨૪-૨૫ સીઝન માટે ભાવ સહાય યોજના હેઠળ આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને ઉત્તરપ્રદેશ રાજ્યોમાં કુલ 13.22 LMT ખરીદીને મંજૂરી આપી. આંધ્રપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તેલંગાણા રાજ્યોમાં ખરીદી શરૂ થઈ ગઈ છે અને ૧૧.૦૩.૨૦૨૫ સુધીમાં આ રાજ્યોમાં કુલ ૧.૩૧ LMT તુવેર (અરહર) ખરીદી કરવામાં આવી છે. જેનાથી આ રાજ્યોના ૮૯,૨૧૯ ખેડૂતોને ફાયદો થયો છે. અન્ય રાજ્યોમાં પણ તુવેર (અરહર)ની ખરીદી ખૂબ જ ટૂંક સમયમાં શરૂ થશે. તુવેરની ખરીદી NAFEDના eSamridhi પોર્ટલ અને NCCF ના aSamyukti પોર્ટલ પર પૂર્વ-નોંધાયેલા ખેડૂતો પાસેથી પણ કરવામાં આવે છે. ભારત સરકાર NAFED અને NCCF નામની કેન્દ્રીય નોડલ એજન્સીઓ દ્વારા ખેડૂતો પાસેથી તુવેરની ૧૦૦% ખરીદી કરવા માટે પ્રતિબદ્ધ છે.

### પ્રીક્લિનિકલ ટેસ્ટમાં ઉત્કૃષ્ટ પરિણામ

# ચીને બનાવી નવી વેક્સિન : સ્ટ્રોક અને હાર્ટ અટેક નહીં આવે એવો દાવો

। (એજન્સી) બેઈજીંગ, તા.૧૩ ।

હાર્ટ સંબંધિત બધી જ બિમારીઓ માટે એક નવી વેક્સિન બનાવવામાં આવી છે. ચીનની એક રિસર્ચ ટીમ દ્વારા રક્તવાહિનીમાં થતા બ્લોક સામે લડવા માટે આ વેક્સિન તૈયાર કરવામાં આવી છે. રક્તવાહિનીમાં બ્લડ ક્લોટ્સ થવાથી સ્ટ્રોક્સ અને હાર્ટ અટેક આવે છે, એના સામે આ વેક્સિન રક્ષણ આપશે. હાલ વિશ્વભરમાં ઘણા દેશોમાં આ કારણસર ઘણાં લોકોના મૃત્યુ થઈ રહ્યા છે.

કોરોના બાદ આવી રીતે મૃત્યુ થવાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. આ રિસર્ચ 'જર્નલ નેચર'માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. નેન્ઝિંગ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના વિજ્ઞાનીઓ દ્વારા આ વેક્સિન વિકસિત કરવામાં આવી છે. ઉંદર પર કરાયેલ પ્રયોગમાં બ્લડ ક્લોટ્સ, સ્ટ્રોક્સ અને હાર્ટ અટેકનું પ્રમાણ આ વેક્સિનના કારણે ખૂબ જ ઓછું જોવા મળ્યું. વિજ્ઞાનીઓનું કહેવું છે કે ઉંદર પર આ વેક્સિને શ્રેષ્ઠ પરિણામ આપ્યા છે. આ વેક્સિન હાર્ટ અટેક અને સ્ટ્રોક સામે રક્ષણ આપશે અને કોલેસ્ટ્રોલના દર્દીઓ માટે પણ લાભદાયી સાબિત થશે. આ વેક્સિન એન્ટિજેન અને એડજુવન્ટના શોષણથી શરીરના ઈમ્યુન સિસ્ટમને ઉત્તેજિત કરે છે. આ પ્રોસેસ ડેન્ડ્રિટિક સેલ્સને સક્રિય કરે છે, જે સેલ્સના માધ્યમથી એન્ટિબોડીઝનું ઉત્પાદન કરે છે. વિજ્ઞાનીઓના મતે, આ રિસર્ચમાં સૌથી મોટું પડકાર એ વેક્સિન માનવ શરીર દ્વારા કેવી રીતે સ્વીકારવામાં આવશે તે સમજવાનો હતો.

ભારતમાં હાલ યુવાનોમાં હાર્ટ અટેકના કેસમાં ખૂબ જ વધારો જોવા મળ્યો છે. ૩૦થી ૫૦ વર્ષના વયના લોકોને હાર્ટ અટેકનું મોટું જોખમ રહે છે. ૨૦૨૩ના ઓક્ટોબરમાં કરાયેલી મેડિકલ સ્ટડી મુજબ, ૪૦ થી ૬૯ વર્ષની ઉંમરના મૃત્યુ પામેલા લોકોમાં, ૪૫% હાર્ટ અટેકના કેસ હતાં. કોલેસ્ટ્રોલ વધવું, ફેટવાળા ખોરાક, લાઈફસ્ટાઈલ, વધુ આલ્કોહોલનું સેવન અને સ્મોકિંગના કારણે આવા કેસમાં વધારો થઈ રહ્યો છે. જિનેટિક વલણ અને ફેમિલી હિસ્ટરીના કારણે હાર્ટ અટેક આવવાની સંભાવના વધે છે.

હાઈ બ્લડ પ્રેશરના પરિણામે પણ હાર્ટ અટેક આવે છે. હવે એર પોલ્યુશનને કારણે પણ હાર્ટને નુકસાન થાય છે, જેનાથી હાર્ટ અટેકનું જોખમ વધે છે. ફાસ્ટ ફૂડ અને સુગરથી ભરપૂર પીણાં, સ્ટ્રેસ અને ડ્રગ્સના સેવનથી પણ હાર્ટ અટેકની સંભાવના વધી શકે છે.

### રેસ્ટોરન્ટમાં મળવા બોલાવી તો ભાંડો ફુટ્યો

# નકલી ફેસબુક એકાઉન્ટ બનાવી પતિ સાથે આખી રાત વાત કરતી પત્ની

। (એજન્સી) ગ્વાલિયર, તા.૧૩ ।

ગ્વાલિયરના મહિલા પોલીસ સ્ટેશનમાંથી એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. અહીં એક મહિલાએ પોતાના પતિના ચારિત્ર્ય પર શંકાને લઈને ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ બાદ પોલીસે મહિલાના પતિને ચોકીએ બોલાવીને તેને સમજાવતા વાતચીત કરી છોડી દીધો. તો વળી પતિએ પણ પોતાની ભૂલનો સ્વીકાર કરતો પોલીસે સામે પત્ની પાસે માફી માગી અને આગળથી ભૂલ નહીં થાય તેવી વાત કરી.

હકીકતમાં જોઈએ, ગ્વાલિયર શહેરમાં રહેતી એક મહિલાના લગ્ન એક વર્ષ પહેલા થયા હતા. લગ્નના થોડા દિવસ બાદ મહિલાને પતિ પર શંકા ગઈ કે તે અન્ય મહિલાઓ સાથે વાત કરે છે, જેને લઈને મહિલાએ પતિને રોકવા માટે અને સમજાવવાની કોશિશ પણ કરી પતિ હંમેશા પુરાવા ન હોવાના કારણે ખોટા આરોપ લગાવતી હોવાની વાત કહેતી. ઘણી વાર તો તેને લઈને ઝઘડા પણ શરુ થઈ ગયા હતા. આ દરમ્યાન પત્નીએ પતિને રંગે હાથ પકડવા માટે એક પ્લાન બનાવ્યા અને એક પાયલના નામનું નકલી ફેસબુક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યું. આ આઈડીની મદદથી પોતાના પતિને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. બાદમાં બંને વચ્ચે વાતચીત શરુ થઈ અને વાત લાંબા સમય ચાલતી રહી. એક ઘરમાં રહેતા પતિ-પત્ની એકબીજા સાથે ચેટ કરતા રહ્યા. ત્યાર બાદ પતિએ પાયલને ઘણી વાર વીડિયો કોલ પર વાત કરવાની વાત કહી પણ પત્ની કોઈ બીજી મહિલા સાથે વીડિયો કોલ પર વાત કરાવી દેતી. ત્યાર બાદ સતત આવું થતું રહેતું. આવી જ રીતે લાંબો સમય વીતતો ગયો અને ત્યાર બાદ એક દિવસ પતિએ પાયલને મળવા રેસ્ટોરન્ટમાં બોલાવી અને જ્યારે તે રેસ્ટોરન્ટમાં પહોંચ્યો તો ત્યાં પાયલ નહીં પણ તેની પત્ની મળી.

પત્નીને સામે જોઈ પતિને પરસેવો છુટી ગયો. તે ચોંકી ગયો અને બાદમાં પત્નીએ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી દીધી. જે બાદ પોલીસે પતિને ચોકીએ બોલાવ્યો, જો ચોકીએ પહોંચતા પતિ દ્વારા લગાવેલા આરોપથી પતિ ફરી ગયો. પણ પત્નીએ પોલીસ સામે પુરાવા રજૂ કર્યા કે તે પાયલ નામથી નકલી આઈડી ચલાવતી હતી. તેમાં કેટલીય અશ્લીલ વાતો પણ કહી છે. આખી રાત ઓનલાઈન રહીને પતિ સાથે વાતો કરતી. આ ઘટના બાદ પોલીસે પતિને ફટકાર લગાવી અને કાર્યવાહી કરવાની વાત કહી.

### સ્ટીવ સ્મિથ અને ગ્લેન ફિલિપ્સને પાછળ છોડી દીધા

# ICC પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ જીતી શુભમન ગિલે બનાવ્યો રેકોર્ડ

## બુમરાહ બે વાર ICC પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીતી ચૂક્યો છે, પરંતુ હવે ગિલે બુમરાહને પાછળ છોડી દીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતીય બેટ્સમેન શુભમન ગિલને ICC પ્લેયર ઓફ ધ મંથ ફેબ્રુઆરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ રીતે શુભમન ગિલે ત્રીજી વખત ICC પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીત્યો છે. જોકે, આ બાબતમાં શુભમન ગિલે જસપ્રીત બુમરાહને પાછળ છોડી દીધો છે. અત્યાર સુધી જસપ્રીત બુમરાહ ભારતીય ક્રિકેટર છે જેણે સૌથી વધુ વખત ICC પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીત્યો છે. જસપ્રીત બુમરાહ



બે વાર ICC પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીતી ચૂક્યો છે. પરંતુ હવે શુભમન ગિલે જસપ્રીત બુમરાહને પાછળ છોડી દીધો છે. ગયા મહિને શુભમન ગિલે વન-ડે ફોર્મેટમાં રનનો વરસાદ વરસાવ્યો હતો. શુભમન ગિલે વન-ડે ફોર્મેટમાં ૧૦૧.૫૦ની સરેરાશથી ૪૦૬ રન ફટકાર્યા હતા. શુભમન ગિલ ઉપરાંત ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટીવ સ્મિથ અને ન્યૂઝીલેન્ડના ગ્લેન ફિલિપ્સને ફેબ્રુઆરી માટે ICC પ્લેયર ઓફ ધ મંથ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા, પરંતુ શુભમન ગિલે આ એવોર્ડ જીત્યો હતો. તાજેતરમાં, રોહિત શર્માના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમે ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ટીમ ઈન્ડિયાની જીતમાં શુભમન ગિલનું યોગદાન મહત્વપૂર્ણ માનવામાં આવતું હતું.

## હોળીમાં દારૂ પીને કે નશો કરીને માહોલ બગાડનારા હિરણ્યકશ્યપની જાતિના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

હોળીનો તહેવાર દર વર્ષે ફાગણ મહિનાની પૂનમે ધામધૂમથી ઊજવવામાં આવે છે. આ તહેવાર રંગો, પ્રેમ અને ભાઈચારાનું પર્વ છે. આ દિવસે લોકો ખૂબ હોળી રમે છે અને એકબીજાને ગુલાલ અને રંગ લગાવે છે. હોળીને ખરાબ પર સારાની જીતના તહેવાર તરીકે પણ સેલિબ્રેટ કરવામાં આવે છે. ઘણાં લોકો હોળી તો મનાવે છે પરંતુ તે આ દિવસે દારૂ અને નશાનું પણ સેવન કરે છે અને બાદમાં સમાજના માહોલને પણ ખરાબ કરવા લાગે છે. અમુક લોકો તો આ દિવસે એકબીજાના ચહેરા પર કાળી શાહી લગાવે છે અને નાળામાં પાડી દે છે. આવા લોકોને પ્રેમાનંદ મહારાજે હિરણ્યકશ્યપ પ્રજાતિના ગણાવ્યા છે.

### રાજસ્થાનના મંત્રીની CMને રજૂઆત

# માઉન્ટ આબુમાં દારૂ અને માંસના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગ

## રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુનું નામ બદલવાની વિધાનસભામાં માંગ કરવામાં આવી છે

। (એજન્સી) માઉન્ટ આબુ, તા.૧૩ ।

ગુજરાતીઓનું મનપસંદ રાજસ્થાનના પ્રખ્યાત પર્યટન સ્થળ માઉન્ટ આબુ ચર્ચાનો વિષય બન્યું છે. મંગળવારે (૧૧ માર્ચ) વિધાનસભામાં માઉન્ટ આબુનું નામ બદલવાનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. ગુજરાતની નજીક આવેલા રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુનું નામ બદલવાની વિધાનસભામાં માંગ કરવામાં આવી છે. રાજસ્થાન વિધાનસભામાં મંત્રી ઓટારામ



દેવાસીએ આ માંગ કરી છે. આ સાથે જ મંત્રીએ માંસ-દારૂના વેચાણ પર પણ રોક લગાવવાની અપીલ કરી છે. રાજસ્થાન રાજ્ય સરકારના મંત્રી ઓતારામ દેવાસીએ વિધાનસભા ગૃહમાં માઉન્ટ આબુનું નામ બદલીને 'આબુ રાજ તીર્થ' કરવાની માંગ કરી હતી. આ ઉપરાંત તેને પવિત્ર તીર્થસ્થાન ગણાવીને ત્યાં માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની પણ અપીલ કરી હતી. આ માંગણી બાદ રાજકીય અને સામાજિક વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. રાજસ્થાનના કાશ્મીર તરીકે ઓળખાતું માઉન્ટ આબુ પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણ છે. દર વર્ષે અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લે છે.

## તંત્રી લેખ...

# કોલસા ક્ષેત્રમાં વધુ સુધારા લાવવાની જરૂર

ભારતમાં ખાનગી કંપનીઓ દ્વારા સંચાલિત ખાણોમાં કોલસાના વધી રહેલા ઉત્પાદનની વચ્ચે ઘરેલુ સ્તરે ઉત્પન્ન કરાયેલ કોલસાની ખરીદી અને વેચાણ કરવા માટે કોલ ટ્રેડિંગ એક્સચેંજની **India proposes to setup trading exchange for domestic coal** સ્થાપના કરવાનું સરકાર વિચારી રહી છે. નોંધનીય છે કે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્ર ચાલુ દાયકાના પ્રારંભમાં કોલસાના ઉત્ખનન માટે ખાનગી કંપનીઓને લીલીઝંડી આપી હતી, અને વિશ્વના સૌથી મોટા માઈનર કોલ ઈન્ડિયાની વર્ષો ચાલી આવતી ઈજારાશાહી પર બ્રેક મારી હતી. ખાનગી કંપનીઓ દ્વાલા ૨૦૩૦ સુધીમાં કોલસાનું ૩૫૦-૪૦૦ મિલીયન મેટ્રિક ટનનું ઉત્પાદન કરવામાં આવે તેવી શક્યતા સેવાય છે. ''દેશમાં સ્થાનિક કોલસાની ઉપલબ્ધતામાં વધારો થવાના સંજોગોમાં, કોલસાના વેચાણ માટે સ્પર્ધાત્મક બજારોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરીને કોલસા ક્ષેત્રમાં વધુ સુધારા લાવવાની જરૂર છે,'' એમ કોલસા મંત્રાલયે ૭ માર્ચના રોજ એક નોટિસમાં જણાવ્યું હતું. કોલ ઈન્ડિયા હાલમાં ૧ અબજ ટનથી વધુ કોલસાના ઉત્ખનનમાં લગભગ ત્રણ ચતુર્થાંશ હિસ્સો ધરાવે છે, જે ચીન પછી બીજા ક્રમનું સૌથી મોટું કોલસા માર્કેટ ધરાવે છે. નોટિસમાં જણાવ્યુ હતુ કે પ્રસ્તાવિત એક્સચેન્જ કોમર્શિયલ માઈનર્સ અને ખાણકામ કરનારાઓને કોલ ઈન્ડિયા સહિત જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે સરપ્લસ કોલસો વેચવા માટે એક બજાર પૂરું પાડશે, અને ઉમેર્યું હતું કે તેનો હેતુ હાલના ''વન-ટુ-મેની'' વેચાણ મોડેલને બદલીને ''મેની-ટુ-મેની'' પ્લેટફોર્મમાં પરિવર્તિત કરવાનો છે.

## પીએમ સૂર્ય ઘરઃ સૌર ક્રાંતિ

પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના (PMSGMBY) વિશ્વની સૌથી મોટી ઘરેલું છત સૌર પહેલ, ૧૦ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૧૦ લાખ ઘરોને સૌર ઉર્જાથી સંચાલિત કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી આ પરિવર્તનશીલ યોજના ભારતના ઉર્જા પરિદૃશ્યને ઝડપ થી ફરીથી આકાર આપી રહી છે. ૪૭.૩ લાખ અરજીઓ પ્રાપ્ત થતાં, આ પહેલ દ્વારા ૬.૧૩ લાખ લાભાર્થીઓને ૪,૭૭૦ કરોડ રૂપિયાની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું છે, જેનાથી સૌર ઉર્જા પહેલા કરતાં વધુ સુલભ બની છે. આ યોજનાના સરળ ધિરાણ વિકલ્પો, જેમાં ૧૨ જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા ૬.૭૫%ના રાહત દરે રૂ.૨ લાખ સુધીની કોલેટરલ-મુક્ત લોનનો સમાવેશ થાય છે, તેને અપનાવવામાં વધુ વેગ મળ્યો છે. ૧૫ દિવસની સીમલેસ સબસિડી ટ્રાન્સફર પ્રક્રિયા અને ઘણા લાભાર્થીઓ માટે શૂન્ય વીજળી બિલ સાથે, આ યોજના ફક્ત ઘરોને વીજળી જ નહીં પરંતુ લોકોને સશક્ત પણ બનાવી રહી છે. PMSGMBY હેઠળ દરેક સૌર ઉર્જા પ્લાન્ટ ૧૦૦ વૃક્ષો વાવવા બરાબર કાર્બન ઉત્સર્જન ઘટાડે છે, જે ભારતને સ્વચ્છ, હરિયાળા અને આત્મનિર્ભર ભવિષ્ય તરફ દોરી જાય છે. આ યોજનામાં અનેક રાજ્યોમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. ઉલ્લેખનીય છે કે, ચંદીગઢ અને દમણ અને દીવે તેમના સરકારી બાંધકામના રૂફટોપ સોલાર લક્ષ્યાંકો ૧૦૦ ટકા હાંસલ કાર્ય છે, જે સ્વચ્છ ઊર્જા અપનાવવામાં દેશનું નેતૃત્વ કરે છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત અને તમિલનાડુ જેવાં રાજ્યો પણ અસાધારણ રીતે સારો દેખાવ કરી રહ્યાં છે, જે એકંદરે ઈન્સ્ટોલેશનના આંકડામાં નોંધપાત્ર પ્રદાન કરે છે. સરકાર વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં ૧ કરોડ કુટુંબો સુધી પહોંચવાના લક્ષ્યાંક સાથે આ યોજનાનો સરળ અને સમયસર અમલ સુનિશ્ચિત કરવા તમામ રાજ્યોની પ્રગતિ પર સક્રિયપણે નજર રાખી રહી છે. પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના હેઠળ સૌથી વધુ ઘરોનો લાભ મેળવનારા પ્રથમ ૫ રાજ્યો. પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના સહભાગી પરિવારોને કેટલાંક મહત્ત્વપૂર્ણ લાભો પ્રદાન કરે છેઃ ઘરો માટે નિઃશુલ્ક વીજળીઃ આ યોજના સબસિડીવાળા રૂફટોપ સોલર પેનલની સ્થાપના દ્વારા ઘરોને મફત વીજળી પ્રદાન કરે છે, જે તેમના ઊર્જા ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરે છે. સરકાર માટે વીજળીના ખર્ચમાં ઘટાડોઃ સૌર ઊર્જાના વ્યાપક ઉપયોગને પ્રોત્સાહન આપીને, આ યોજનાથી સરકારને વીજળીના ખર્ચમાં વાર્ષિક અંદાજિત રૂ. ૭૫,૦૦૦ કરોડની બચત થવાની ધારણા છે. પુનઃપ્રાપ્ય ઊર્જાનો વધતો ઉપયોગઃ આ યોજના પુનઃપ્રાપ્ય ઊર્જાનાં સ્ત્રોતોને અપનાવવા માટે પ્રોત્સાહન આપે છે, જે ભારતમાં વધારે સંતુલિત અને પર્યાવરણને અનુકૂળ ઊર્જા મિશ્રણમાં પ્રદાન કરે છે. કાર્બન ઉત્સર્જનમાં ઘટાડોઃ આ યોજના હેઠળ સૌર ઊર્જામાં પરિવર્તન થવાથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં મદદ મળશે, જે ભારતની કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાની કટિબદ્ધતાને ટેકો આપશે. સબસિડી એપ્લિકેશન અને વેન્ડર સિલેક્શનઃ ઘરો નેશનલ પોર્ટલ દ્વારા સબસિડી માટે અરજી કરી શકે છે, જ્યાં તેઓ રૂફટોપ સોલર ઈન્સ્ટોલ કરવા માટે યોગ્ય વિક્રેતાની પસંદગી પણ કરી શકે છે. રાષ્ટ્રીય પોર્ટલ યોગ્ય સિસ્ટમ કદ, લાભ કેલ્ક્યુલેટર, વિક્રેતાના રેટિંગ્સ અને અન્ય સંબંધિત વિગતો પર માહિતી પ્રદાન કરીને નિર્ણય લેવામાં મદદ કરશે. તમામ ઓળખપત્રોને નેશનલ પોર્ટલ પર યોગ્ય રીતે દાખલ કરવામાં આવ્યા હોવાથી, સીએફએની પ્રક્રિયામાં લાગતો સરેરાશ સમય ગ્રાહક દ્વારા કરવામાં આવેલી રિડેમ્પ્શન વિનંતીના આશરે ૧૫ દિવસ પછીનો હોય છે. પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મફત વીજળી યોજનાનાં વ્યક્તિગત કુટુંબો અને સંપૂર્ણ રાષ્ટ્ર એમ બંને માટે દૂરગામી પરિણામો આવવાની અપેક્ષા છેઃ ઘરગથ્થું બચત અને આવકનું સર્જનઃ ઘરોને તેમના વીજળીના બિલમાં નોંધપાત્ર બચતનો લાભ મળશે. વધુમાં, તેમને તેમના રૂફટોપ સોલાર સિસ્ટમ દ્વારા ઉત્પન્ન થતી વધારાની વીજળી ડિસ્કોમ્સને વેચીને વધારાની આવક મેળવવાની તક મળશે. ઉદાહરણ તરીકે ૩-કિલોવોટ સિસ્ટમ દર મહિને સરેરાશ ૩૦૦ યુનિટથી વધુ વીજળી ઉત્પન્ન કરી શકે છે, જે ઊર્જા અને સંભવિત આવકનો વિશ્વસનીય સ્ત્રોત પૂરો પાડે છે. સૌર ક્ષમતાનું વિસ્તરણઃ આ યોજના રહેણાંક ક્ષેત્રમાં રૂફટોપ ઈન્સ્ટોલેશન મારફતે ૩૦ ગીગાવોટ સૌર ક્ષમતાનો ઉમેરો કરશે એવી ધારણા છે, જે ભારતનાં પુનઃપ્રાપ્ય ઊર્જાનાં લક્ષ્યાંકોમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કરશે. પર્યાવરણને લગતા લાભોઃ આ રૂફટોપ સિસ્ટમ્સના ૨૫ વર્ષના જીવનકાળ દરમિયાન, એવો અંદાજ લગાવવામાં આવે છે કે આ યોજના ૧૦૦૦ બીયુ વીજળીનું ઉત્પાદન કરશે જ્યારે કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જનમાં ૭૨૦ મિલિયન ટનનો ઘટાડો કરશે, જે પર્યાવરણ પર નોંધપાત્ર હકારાત્મક અસર કરશે. રોજગારીનું સર્જનઃ આ યોજનાથી ઉત્પાદન, લોજિસ્ટિક્સ, સપ્લાય ચેઈન, વેચાણ, ઈન્સ્ટોલેશન, ઓપરેશન્સ એન્ડ મેઈન્ટેનન્સ (ઓએન્ડએમ) અને અન્ય સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રોમાં આશરે ૧૭ લાખ પ્રત્યક્ષ રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે, જેથી દેશમાં રોજગારી અને આર્થિક વૃદ્ધિમાં વધારો થશે.

**સામાન્ય રીતે ભાંગ એ વર્તમાન પરિસ્થિતિના બધા જ દુઃખ દર્દ કે સમસ્યા ભૂલી અને માત્ર હોલીની ખુશી મનાવવા માટે પીવામાં આવે છે**

# દરેકનું જીવન રંગ થી ભાવ અને ભાવથી મસ્તી એમ ગતિ કરે છે! અને એ જ અધ્યાત્મ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જાત જાતના રંગો એ આપણા જીવનમાં એટલું મહત્વનું સ્થાન લઈ લીધું છે, કે હવે તેને જુદા પાડવા એ કદાચ અશક્ય છે, ભારતીય મનીષા એ તો દરેક ઉંમરનો પણ એક રંગ અને ભાવ નિશ્ચિત કર્યો છે, આમ પણ રંગ શબ્દ આવતાં આપણા માનસમાં મેઘધનુષ છવાઈ જાય છે.**

ગઈ કાલે બધાએ હોલિકા દહનનો તહેવાર ઉજવ્યો હશે, અને આજે સત્યના વિજય રૂપે ધૂળેટીનો તહેવાર છે. હોળી ધુળેટી એટલે રંગોનો તહેવાર. જીવનનાં કેટલાએ રંગો હોય છે, પરંતુ ધુળેટી એ જીવનમાં ખુશીનો રંગ ઘોળે છે. આપણે ત્યાં રાધાકૃષ્ણ પણ વૃંદાવનમાં હોળી રમ્યા હતાં એવા ચિત્રો દ્વાપર યુગનો ઈતિહાસ દર્શાવે છે. આજે પણ વ્રજની લઠ્ઠામાર હોલી પ્રસિદ્ધ છે. ઘૂળટી આવતા જ બધે તહેવારની ઉજવણીના ભાગ રૂપે રંગ, ગુલાલ, પીચકારી અને ભાંગ વગેરેની તૈયારી કરવા લાગે છે. એમાં પણ પ્રિયપાત્ર સાથે હોળી રમવાનો લ્હાવો જુદો હોય છે. સામાન્ય રીતે ભાંગ એ વર્તમાન પરિસ્થિતિના બધા જ દુઃખ દર્દ કે સમસ્યા ભૂલી અને માત્ર હોલીની ખુશી મનાવવા માટે પીવામાં આવે છે, ભાંગમાં અફીણના ડોડવા ઘૂંટવામા આવે છે. એટલે એક અલગ પ્રકારની મસ્તી કે નશો મન-મગજમાં છવાઈ જાય છે, અને સઘળા દુઃખદર્દ ભૂલી જવાય છે, એવું બધાં કહેતા હોય છે. આમ હોલી એટલે ઉમંગ, ઉત્સાહ, અને પ્રેમની મસ્તીનો તહેવાર છે, અને નાનાથી માંડી મોટા સુધી દરેક ઉંમરની વ્યક્તિનો એ પ્રિય તહેવાર છે. આપણે ત્યાં ફિલ્મોમાં પણ હોળીના તહેવારને દર્શાવીને ઉત્તમ ગીત સંગીત પીરસવામાં આવે છે, હોલીના તહેવારની ઉજવણીના ભાગરૂપે એ બધા ગીતો પણ વગાડવામાં આવે છે. શોલે પિક્ચરમાં ધર્મેન્દ્ર અને હેમા માલિનીનુ ગીત હોલી કે દિન ખીલ જાયેંગે... સિલસિલા પિક્ચરનું રંગ બરસે ભીગે ચુનરવાલી, અને બાગબાન ફિલ્મનું હોલી ખેલે રઘુવીરા અવધમે હોલી ખેલે... આ બધા જ ગીતો લોકમાનસમાં હોલી ધૂળેટીના તહેવાર રૂપે જડાઈ ગયા છે. દરેકનું જીવન કોઈ ને કોઈ રંગથી પ્રભાવિત હોય છે! અને એ રીતે રંગ થી ભાવ અને ભાવથી મસ્તી એમ જીવન ગતિ કરે છે. જાત જાતના રંગો એ આપણા જીવનમાં એટલું મહત્વનું સ્થાન લઈ લીધું છે, કે હવે તેને જુદા પાડવા એ કદાચ અશક્ય છે. ભારતીય મનીષા એ તો દરેક ઉંમરનો પણ એક રંગ અને ભાવ નિશ્ચિત કર્યો છે. આમ પણ રંગ શબ્દ આવતાં આપણા માનસમાં મેઘધનુષ છવાઈ જાય છે, જા, ની, વા, લી, પી, ના, રા, આ ઉપરાંત નિશાળમાં ભણતા ત્યારે શીખવેલું,લાલ પીળો ને જાંબલી મૂળ રંગ કહેવાય,બાકી બધા તો મેળવણીથી થાય, એટલે મેઘધનુષ તેની ઉત્પત્તિ નું મુખ્ય કારણ છે. રંગ એક



કલ્પના હતી, એમાંથી વાસ્તવિકતા બની, અને રંગો થકી આજે આપણા સૌના જીવન રંગીન બન્યા છે, અથવા તેનો મહત્વનો ફાળો છે એમ કહી શકાય. જરા વિચારીએ તો કે આ રંગ ન હોત તો આપણી જિંદગી આટલી રંગીન હોત ખરી! ભાવને દર્શાવવા માટે પણ આપણે ત્યાં રંગનો ઉપયોગ કરવામાં આવે છે, જુદા જુદા રંગોનો જુદો જુદો ભાવ પણ હોય છે, જેમકે યુવાનીનો રંગ ગુલાબી છે, પ્રેમીઓ પોતાના પ્રેમનો ઈજહાર કરતી વખતે લાલ રંગનું ગુલાબ આપે છે, અને પ્રેમભાવ દર્શાવવા માટે આપણે ત્યાં લાલ રંગનો ઉપયોગ કરવામાં આવે છે. ક્રાંતિ કારીનો કેસરી રંગ, જે આપણા રાષ્ટ્રધ્વજમાં પણ સામેલ છે, અને ક્રાંતિ શબ્દ આવે એટલે શહીદ ભગતસિંહ, સુખદેવ, તરત જ યાદ આવે. સફેદ રંગ સાદગીનો, લીલો રંગ હરિયાળી એટલે કે અમન કે શાંતિનો રંગ જે હૈયે ટાઢક કરે. સંન્યાસીનો ભગવો રંગ જે વૈરાગ્ય નું પ્રતીક માનવામાં આવે છે.જ્ઞાનની તેજસ્વિતા માટે આપણે ત્યાં સૂર્ય જેવા પીળા રંગનો ઉપયોગ થાય છે.કાળો એટલે કે શ્યામ રંગ અંધારાનુ પ્રતિક ગણાય છે, પરંતુ ગોપી અને ક્રિષ્ના નો પ્રેમ દેખાડવા માટે પણ કાળી કામળી નો ઉપયોગ કરતા હતાં, એટલે અને કૃષ્ણનો રંગ પણ કાળો હોવાથી શ્યામ રંગ ગોપી અને કૃષ્ણના પ્રેમના પ્રતીકરૂપે પણ સ્વીકારવામાં આવ્યો છે. આ ઉપરાંત ટીન એઈજ માં અત્યારે લવંડર અને બ્લુ ના અલગ અલગ શેડ ફેવરિટ છે, જેમાં એક્વા ઉપરાંત ગ્રે કલર પણ બધાનો ખુબ જ ફેવરિટ કલર બની રહ્યો છે,અને આ બધા રંગ સોબર એટલે કે સાદગી દર્શાવે છે. આ ઉપરાંત સુખ દુઃખ ને પણ રંગ સાથે સરખાવ્યા છે, જ્યારે માનસમાં ઉદાસી છવાય ત્યારે બધું જ સુમસામ બની જાય છે, અને જીવન નિરસ થઈ જાય છે. એટલે કે એક અંધકાર જેવું લાગે છે, એટલે ઉદાસીનો ઘેરો કાળો રંગ જ્યારે,સુખ એટલે કે ખુશીનો લાલ ગુલાબી કે લવડંર જે જીવનમાં એક મસ્તી ભરે છે. કોઈનું પણ જીવન એકધારું રહેતું નથી, કોઈને સુખ પહેલા હોય તો દુઃખ પછી આવે છે, અને કોઈને દુઃખ હોય તો પાછળથી સુખ આવે છે. એટલે દરેકે દરેક રંગથી દરેકની જીવન રંગોળી સજી હોય છે, અને તેનો સહજ પણે સ્વીકાર કરીએ તો આપણે જીવન માણી શકીએ. નહીં તો જીવનની અગણિત સમસ્યાને લીધે, એની ફરિયાદ માત્ર બની રહે છે. ઉંમરના દરેક મુકામે જીવનના રંગો જો બદલી શકાય એટલે કે ઈન્દ્રિયની શિથિલતા આવે ત્યારે એ મુજબ જીવતા આવડી જાય, અને ખોટા આગ્રહ છોડી શકાય તો જીવન દરેક ઉંમર આનંદ આપે. પરંતુ બહુ નિખાલસતા પૂર્વક સ્વીકારવું પડે કે, આપણે એવું કરી નથી શકતા, અને તેથી જ જીવન થોડું વધુ જટિલ બન્યું છે. પહેલાના જમાના કરતા આજકાલ જુવાનિયાઓ થોડા વધુ એડવાન્સ બનતા જાય છે, અને તેને સહેજ પણ એ સ્વીકારી લેવામાં આવે તો જીવનમાં ઘર્ષણનો ભાવ છૂટે, નહીં તો જીવન ભર બંને પેઢી એકબીજા સાથે ઘર્ષણ કરે. સંબંધોમાં ઊર્મિનુ મહત્વ વધે, તો બંને પક્ષ હદયથી જોડાઈ શકે, અને તો લાગણી કે ભાવનું આદાન-પ્રદાન સહજ બને. ટૂંકમાં કહીએ તો સ્વીકાર એ આ સદીનો મહામંત્ર બને તો જીવનમાં શાંતિનો રંગ લાવી શકે,પછી એ વસ્તુ હોય, વ્યક્તિ હોય, કે વર્તન, એટલે કે સમય સંજોગ કે પરિસ્થિતિ દરેકનો સ્વીકાર કરતા જો એકવાર આવડી જાય તો પછી જીવનમાં એટલી સમસ્યા નથી અનુભવાતી,અને સમસ્યા ઓછી થાય એટલે સ્વાભાવિક જ ફરિયાદ ઘટે, ફરિયાદ ઘટે એટલે શાંતિ રહે,અને પોતાના જીવનમાં સમસ્યા ન હોય, ત્યારે બીજાની સમસ્યા દેખાય કે અનુભવાય ,અને એ રીતે સંવેદના વહે છે,જે સાચે હદયને હદયથી જોડે છે, અને પરમ પ્રેમ નો અનુભવ કરાવે છે. ક્રિષ્ન ને આપણે ત્યાં પ્રેમાવતાર તરીકે સ્વીકારવામાં આવ્યા છે,તો આ રીતે આપણાં હદયમાં પરમ પ્રેમ રુપે શ્રીકૃષ્ણનો વાસ થશે, અને જે જીવનમાં બધાં જ રંગોની પરિપૂર્ણતાની નિશાની રુપે ભક્તિ રંગ રુપે ખીલશે. જેમાં વૈરાગ્ય હોવા છતાં સંસાર છોડવા નો નથી, અને ઈશ્વરનો પ્રેમ પામવાનો આ ઉત્તમ માર્ગ છે. આપણે સૌ પણ આ ધૂળેટીના તહેવારથી ભક્ત પ્રહલાદની જેમ પ્રભુ ચરણોમા ભક્તિની પ્રીતનો મુખ્ય રંગ રહે એમ જીવવાનો સંકલ્પ કરીશું. જય સીયારામ.

**આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો વૃક્ષોના ડાળપાન નહીં, છાલ લાકડું નહીં પણ ફળ ઝાડની છાલ તથા પાન માં જે રસ હોય છે**


# આજે પડછાયાને પુછી જ લીધું કે મારી સાથે સાથે કેમ ચાલે છે ત્યારે તેને હસીને જવાબ આપ્યો કે બીજું તારી સાથે છે કોણ?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દરેક આત્મા ભગવાન સુધી પહોંચવા માટે જીવનભર ભજન અને સત્સંગ કરતો રહે છે, તેઓ માને છે કે જ્યારે એક વ્યક્તિ જાગે છે, ત્યારે તે હજારો લોકોને જાગૃત કરે છે, એક તત્વદર્શી સદગુરુ જ બ્રહ્મ તત્વનો અહેસાસ કરાવી શકે છે, હરિ કે સુમરે સો વર હૈ ગુરુ સુમરે સો જો કોઈ પરમાત્માને પામવાનો પ્રયત્ન કરે છે તો તે ગુરુનો સંગ પ્રાપ્ત કરે છે.**

ફાગણમાસ અડધો પૂરો થયો. ડાકોરમાં કોણ છે રાજા રણછોડ. દ્વારકા ડાકોર સહિત દેશભરમાં રંગોત્સવ હોળીનો તહેવાર કાળ ઝાળ મોંઘવારી ગરમી વચ્ચે લોકો ઉજવી રહયા છે ત્યારે આ મહીનામાં ચંદ્ર અને સૂર્ય ગ્રહણ આ મહિનામાં છે આજે ચંદ્ર ગ્રહણ જે આપણા દેશમાં દેખાવાનું નથી.છતાં દોષ તો રહે છે અને તેથી ગઈકાલે હોળી દહન કર્યું.આજે ધુળેટી અને રમજાનના શુક્રવારની નમાઝ છે લોકો એકમેકના તહેવારો રાજીખુશીથી ઉજવે એ રાજ કારણીઓને તો ખટકવાનું જ આપણે શાંતિથી ઉત્સવ પરિવાર સાથે ઉજવીએ અને આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો વૃક્ષોના ડાળપાન નહીં, છાલ લાકડું નહીં પણ ફળ ઝાડની છાલ તથા પાન માં જે રસ હોય છે તેના કરતાં ઝાડના ફળમાં વિશેષ રસ હોય છે એ કોણ નથી જાણતું? માટે આ ફળનું મોક્ષ મળતાં સુધી તમે વારં વાર પાન કરો. ઈશ્વરમાં તમારો લય ન થાય ત્યાં સુધી ભાગવત રસનું પાન કરો. વેદાંત અધિકારીને માટે છે, સર્વને માટે નથી. વેદાંત સર્વનો ત્યાગ કરવા કહે છે. સંસારીથી એ બને નહીં.તેઓના ઉદ્ધાર માટે કાંઈ ઉપાય ખરો? હા, છે. ત્યાગ ન કરી શકો તો કાંઈ હરકત નહીં, પરંતુ સર્વસ્વ ઈશ્વરને સમર્પણ કરો અને અનાસક્તપણે તે ભોગવો. વ્યાસજીએ બ્રહ્મસૂત્ર બનાવ્યાં. યોગદર્શન ઉપર ભાષ્ય રચ્યું.પરંતુ તેઓને લાગ્યું કે કળિયુગનો માનવી ભોગપરાયણ થશે, અને તેથી તે યોગમાં પ્રવૃત્ત થઈ શકશે નહીં તેથી કરુણા કરી તેઓએ ભાગવતશાસ્ત્ર રચ્યું. ખરી વાત જ એ છે કે પરીક્ષિતને નિમિત્ત બનાવીને સંસારમાં ફસાયેલા લોકોને માટે વ્યાસજીએ આ ભાગવતની કથા કહેલી છે. ભાગવત ખાસ કરીને સંસારીઓ માટે છે. પ્રભુપ્રેમ વિના શુષ્ક જ્ઞાનની શોભા નથી એ બતાવવાનો ભાગવતનો ઉદ્દેશ છે. ભકિત વિનાના જ્ઞાનની શોભાનથી જે જ્ઞાન-વૈરાગ્યથી દૃઢ થયેલું નથી ને મરણને સુધારવાને બદલે મરણ ને બગાડે એવો સંભવ છે.



અંતકાળે આવું જ્ઞાન દગો આપે. મરણને સુધારે છે કેવળ ભક્તિ. ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે અને તે મરણને બગાડે છે. વિધિનિષેધની મર્યાદાથી પર બનેલા મોટા-મોટા ઋષિઓ-મહર્ષિઓ પણ ભગવાન ના અનંત કલ્યાણમય ગણોના વર્ણનમાં સદા રત્ રહે છે એવો છે ભક્તિનો મહિમા હવા-કઈ જ્ઞાની ને અભિમાન પજવે છે, ભક્તને નહીં. ભક્તિ સદગુણોને લાવે છે. ભક્તિ સર્વગુણોની જનની છે. ભક્ત નમ્ર હોય છે. ભક્ત વિનિત હોય છે. જે કથા પાપ છોડાવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગૃત કરે તે સાચી ભાગવત કથા. માટે ફરી ફરી કહું છું કે, ભગવાનની કથા અને ભગવાનના સ્મરણથી હૃદયને આર્દ્ર બનાવો. તેના મંગલમય નામનો જપ કરો. આ કળિયુગમાં મુક્તિ પામવાનો માર્ગ છે.'', વિષયોનું બંધન મનુષ્ય છોડે,તો જ મનને સાચા આનંદનું સુખ મળે છે.સંયમ અને સદાચાર ને ધીમે ધીમે વધારતાં જજો. ભક્તિમાં આનંદ આવશે. સંતો, મહાત્માઓ અને મહાપુરુષો આ જગતના જીવોના કલ્યાણ માટે જ આ જગતમાં દેખાય છે. આ તેની હાજરી દ્વારા અને તેની હાજરી પછી, તેના સારા કાર્યો અને સંગત દ્વારા વિશ્વને પ્રગટ થાય છે. દરેક આત્મા ભગવાન સુધી પહોંચવા માટે જીવનભર ભજન અને સત્સંગ કરતો રહે છે. તેઓ માને છે કે જ્યારે એક વ્યક્તિ જાગે છે, ત્યારે તે હજારો લોકોને જાગૃત કરે છે. એક તત્વદર્શી સદગુરુ જ બ્રહ્મ તત્વનો અહેસાસ કરાવી શકે છે. હરિ કે સુમરે સો વર હૈ ગુરુ સુમરે સો જો કોઈ પરમાત્માનેપામવાનો પ્રયત્ન કરે છે તો તે ગુરુનો સંગ પ્રાપ્ત કરે છે.જ્યારે તે સદગુરુના ચરણોમાં આવે છે.બોધને ઓળખે છે. પછી તે સત્ય સુધી પહોંચી શકશે. સત્યયુગમાં લક્ષ્મીજીએ ભગવાન વિષ્ણુને પ્રશ્ન પૂછ્યો હતો, ત્રેતાયુગમાં ભગવાન રામને,સીતા જીએ, દ્વાપર યુગમાં ભગવાન શ્રી કૃષ્ણને, રુકમણીજીએ પ્રશ્ન પૂછ્યો હતો, હે ભગવાન, કૃપા કરીને શંકા નું નિવારણ કરો જે શ્રેષ્ઠ સત્ય અને ધર્મ છે. પછી ત્રણ યુગમાં ભગવાને ચોથા યુગમાં પ્રશ્ન પૂછ્યો ત્યારે રામાપીરના રૂપમાં નેતલ દેવીએ કહ્યું હતુંજેમ કેરીના ગોટલી (બીજ)હોય છે તેમ આંબાનું ફળ પણ પાછળથી આવે છે. પહેલા બીજ અને પછી ફળ,આ જ વાત ભગવાન કૃષ્ણ એ ગીતામાં પણ અર્જુનને કહી છે. અહમાત્મા ગુડાકેશ સર્વ ભૂતાશય,અહમદિશ્ચ મધ્ય ચ ભૂતાનમંત અને ચ માં સ્થિત છે. ગીતા અધ્યાયઃદશ શ્લોકઃવીસ હે અર્જુન, હું તેમના હૃદયમાં રહેલા તમામ જીવોનો આત્મા છું અને હું જ તમામ જીવોનો આદિ, મધ્ય અને અંત છું. એટલે કે જન્મ,મૃત્યુ અને જીવન પણ હું જ છું. હું દરેક વ્યક્તિના શરીરમાં બીજના સ્વરૂપમાં સમાન છું. માણસનું બીજ આત્મા છે. આત્માના પેહચન ફિલસૂફ ફક્ત સદગુરુ મહારાજ વિશે કહી શકાય. શબ્દો ઉદાસી ગુરુઆંતજાગટની પેસ્ટ અને ભગવાનના સંઘપ્રત્યેની બાહ્ય ભક્તિને સમજાવે છે. બલે નધ ઘટ ઘટ ઘટ આયાંઓ આયન જ્યારે આત્મા આ શરીરમાં હોય છે, તો પછી બધા સંબંધો તે દિવસ છે કે જેના પર આત્મા શરીરમાંથી બહાર આવે છે અને પછી બધા સંબંધો!! જ્યાં સુધી જીવંત માણસો શરીર માં રહે છે જ્યારે હવા ઘરે ગઈ હોય અને શરીર તે શરીરમાં ડરથી ડરતો હોય ત્યારે તે ઘરમાં સારી રીત માંગે છે. જ્યાં બધી આત્માઓ શરીરમાં હોય છે, આપણી કુશળતાના બધા સમાચાર. આત્મામાંથી બહાર નીકળ્યા પછી, પોતાની પત્ની પણ ભૂત વિશે વિચારવાનું શરૂ કરે છે. સંતોએ પણ આ વિશે કહ્યું છે. તે જે બોલે છે તે બીજું કોઈ નથી. ભગવાનની શક્તિ એક આત્મા છે. પછી આપણે ખાઈ શકીએ, બોલી શકીએ, પાણી પી, ચાલવું, દોડી શકીએ. અમારું દરેક કાર્ય એક સાક્ષી અને માલિક છે, જેના માટે રામદેવપીરને નેતલ દેવીને સમજાવ્યું અને કહ્યું કે બીજ એક સરખો છે અને આત્મા સમાન છે. બીજો કોઈ સત્ય નથી. ઘર, સંપત્તિ યોગ્યતા,ઓહ આ શરીર પણ નાશ પામે છે અને એકમાત્ર આત્મા સાચું છે, ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે નૈનં છિન્દતિ શસ્ત્રાણી નૈનં દહતિ પાવકઃન ચૈનંક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃએટલે કે હે પાર્થ આત્માને ન શસ્ત્રો છેદી શકે, ન આગ બાળી શકે,તે ન પાણીથી પલળી જાયકે ન તો હવા તેને સુકવી શકે. તો આત્મા એવોઅમર છે જ્યારે શરીર નાશવંત છે અને એવા શરીરનો ધર્મને ખાતર નાશ કરવા તારે ફરજ બજાવતાં શોકાતુર થવું યોગ્ય નથી.. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે હોળી ધુળેટીના પાવન પર્વની સૌને શુભકામના પાઠવું છું. મિત્રો, દરરોજ સવારે આપણે આપણી જાતને(સ્વ)-મનને પૂછવું જોઈએ કે જેના માટે મને આ દુનિયામાં મોકલવામાં આવ્યો છે કાર્ય હું કરી રહયો છું પરત જવા માટે કોઈ તૈયારી કરવામાં આવી રહી છે કે નહીં.ચાર દિવસની યાત્રાની તૈયારીમાં કેટલું મોટું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે અને અનંત યાત્રા માટે કેટલીક તૈયારીઓ કરવામાં આવી છે ?કે પછી માત્ર ખોરાક,ટીકા, ડર અને જાતિ એટલે કે પશુ-પક્ષીઓ સિવાય બીજું કંઈ જ નથી....!! જરા ચિંતન મનન કરશો અને મૌજ મસ્તીમાં જીવોને જીવવા દો. ચંદ્ર સૂર્ય ગ્રહણ ખગોળીય ઘટના બને આપણે સારા કર્મ કરીએ.બસ અહીં અટકીએ અસ્તુ.

# રાજકુમાર રાવની 'માલિક' ફિલ્મમાં હુમા કુરેશીનો એક સ્પેશિયલ ડાન્સ

## દમદાર એક્ટિંગ માટે જાણીતી છે તે અત્યાર સુધીની ફિલ્મોમાં રોમેન્ટિક ડાન્સ કરતી ઓછી જોવા મળી છે

હુમા કુરેશી તેની દમદાર એક્ટિંગ માટે જાણીતી છે તે અત્યાર સુધીની ફિલ્મોમાં કોઈ રોમેન્ટિક ડાન્સ કરતી ઓછી જોવા મળી છે. ત્યારે હવે રાજકુમાર રાવની આવનારી ગેંગસ્ટર થ્રિલર ફિલ્મ 'માલિક'માં હુમા કુરેશી એક સ્પેશિયલ ડાન્સ નંબર કરતી જોવા મળશે. રાજકુમારની આ ફિલ્મ ૨૦ જુને રિલીઝ થઈ રહી છે. તાજેતરમાં એવા અહેવાલો છે કે કુમાર તોરાની એ પ્રોડ્યુસ કરેલી આ ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ ગયું છે. ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, ''આ ફિલ્મમાં રાજકુમારનું પાત્ર અને તેની ગેંગને એક બાતમી મળે છે, તેના આધારે તેઓ એક બાર શોધી રહ્યા છે. પોતાના કામ માટે તેઓ જ્યારે આ બારામાં પહોંચે છે ત્યારે તેમને ઉમા કુરેશી પરફોર્મ કરતી દેખાશે.'' આ અંગે સૂત્રએ આગળ જણાવ્યું, ''કોરિયોગ્રાફર દ્વારા આ ગીતને





અગ્નિપથનાં 'ચીકની ચમેલી'ની જેમ એક રૉ અને દેશી ડાન્સ નંબર બનાવવામાં આવ્યું છે. આ ફિલ્મની સ્ટોરી લખનૌ અને અલ્હાબાદમાં આકાર લે છે. આ ગીત માટે બારનો સેટ લખનૌમાં બનાવવામાં આવ્યો હતો. રાજકુમાર રાવના પાત્રની વાત કરીએ તો આ પહેલાં રાજકુમાર ઘણા અલગ અલગ પ્રકારના રોલમાં જોવા મળ્યો છે, પરંતુ એક ગેંગસ્ટર તરીકે એક એક્શન ફિલ્મમાં તે પહેલીવાર જોવા મળશે. તાજેતરમાં આવેલી રાજકુમાર રાવની 'સ્ત્રી ૨' અને 'વિકી વિદ્યા કા વો વાલા વિડિયો' ફિલ્મો ઘણી સારી ચાલી છે.

# હિન્દી સિનેમાને એક રીસેટની જરૂર


ફિલ્મમેકર હંસલ મહેતા અલગ પ્રકારના અને બોલ્ડ વિષયો પર ફિલ્મ અને સિરીઝ બનાવવા માટે જાણીતા છે. તાજેતરમાં તેમણે કરેલાં એક નિવેદનથી ઘણા લોકો વિચારતાં થયાં છે. હંસલ મહેતાએ કહ્યું છે કે બોલિવૂડને એક રીસેટની જરૂર છે. બોલિવૂડને પડતીમાંથી બચાવવા માટે નવા યુવાનો અને નવા કલાકારોમાં રોકાણ કરવાની જરૂર છે, નહીં કે મોટા સ્ટાર્સમાં. થોડા દિવસો પહેલાં ફિલ્મમેકર વિવેક અગ્નિહોત્રીએ નિવેદન કર્યું હતું કે, ''બોલિવૂડની પડતી થઈ રહી છે.'' આ બાબતનાં જવાબમાં હંસલ મહેતાએ કહ્યું કે ''ફિલ્મોને બચાવવાની નહીં, પરંતુ તેની પ્રાથમિકતાઓ બદલવાની જરૂર છે.'' તેમણે વિગતે આ મુદ્દે વાત કરી છે. આ સાથે તેમણે કલાકારોની હિન્દી બોલવાની આવડત પર પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ટ્વીટર પર છેડાયેલી ચર્ચામાં હંસલ મહેતાએ વિચારો વ્યક્ત કરતા લખ્યું, ''જે લોકો બોલિવૂડની પડતી શરૂ થઈ ગઈ એવું માને છે એમના માટે ઈન્ડસ્ટ્રી મરી રહી નથી. તે બસ કોઈ એક નાની ખલેલ પહોંચાડે તેની રાહમાં છે દર્શકોનો રસ ઉડી રહ્યો છે. એ કોઈ મુદ્દો નથી પરંતુ રોકાણકારો માત્ર સુરક્ષિત વિષયોમાં જ રોકાણ કરવા માંગે છે તેઓ જૂની વાર્તાઓને નવી રીતે પ્રસ્તુત કરવામાં માને છે, તે સમસ્યા છે.'' હંસલ મહેતાએ આગળ કહ્યું કે, ''છેલ્લા કેટલાક વર્ષો એ સાબિત કર્યું છે કે સ્ટાર પાવરથી ફિલ્મ સફળ થઈ શકતી નથી ફિલ્મ માટે સ્ટાર્સ જરૂરી નથી. સ્ટાર ઓડિયન્સ નહીં લાવે પરંતુ સારી વાર્તા જરૂર લાવશે.'' વિવેક અગ્નિહોત્રી માને છે કે ''આજના ૨૧ થી ૩૫ વર્ષના કલાકારોમાં ટેલેન્ટની ખામી છે.'' જ્યારે હંસલ મહેતા માને છે



''કલાકારો અને ફિલ્મ મેકર્સ તેમજ લેખકોની નવી પેઢી ગેમ બદલવા માટે તૈયાર છે. માત્ર પ્રોડ્યુસરે તેમાં રોકાણ કરવાની અને તેમની દૃષ્ટિ અને વાર્તાને સમજવાની જરૂર છે.'' હંસલ મહેતાએ આગળ કહ્યું કે ''આ પ્રકારની ફિલ્મો બનાવવા માટે પ્રોડ્યુસર છે પણ એક દીર્ઘદૃષ્ટિ સાથે કામ કરવું પડશે. તેમણે એવો મંચ પૂરો પાડવો પડશે જે સારી વાર્તાઓને આંકડાઓથી ઉપર સમજીને તેમજ જે ડિરેક્ટર લોકપ્રિયતાના બદલે ઓથેન્ટિક કાસ્ટિંગને મહત્વ આપે છે, તેના માટે આર્થિક મદદ અને સારી સ્ટ્રેટેજીની જરૂર પડશે. તેમજ યોગ્ય રીતે કરાયેલા પ્લાનમાં કાસ્ટિંગની જરૂર પડશે માત્ર પેઈડ પબ્લિસિટીથી કામ ચાલશે નહીં. કારણ કે તેનાથી પબ્લિસિટી કરનારાઓ પૈસાદાર અને ઈન્ડસ્ટ્રી ગરીબ બની રહી છે.'' આ સાથે હંસલ મહેતાએ નવા કલાકારોમાં વેદાંગ રૈના, સ્પર્શ શ્રીવાસ્તવ, આદર્શ ગૌરવ, ઈશાન ખટ્ટર, જહાન કપૂર, રાઘવ જુયાલ, લક્ષ્ય, અભય વર્મા અને આદિત્ય રાવલ જેવા કલાકારોના વખાણ પણ કર્યા હતા.

# દેશને કેટલી વખત બચાવીશ? અક્ષયને ટ્વિન્કલ ચીડાવે છે

અક્ષય કુમાર છેલ્લા ૩૦ વર્ષથી બોલિવુડમાં અલગ અલગ જોનરની ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે. એક્શન હિરોની ઈમેજથી શરૂ કરીને એક કોમિક લીડ અને આજે દેશભક્તિની ફિલ્મોના હિરો તરીકે તેણે પોતાની ઈમેજ બનાવી છે. એણે એટલી બધી દેશભક્તિની ફિલ્મોમાં કામ કર્યુ છે કે તેની સરખામણી મનોજ કુમાર-ભારત કુમાર સાથે થવા માંડી છે. તાજેતરમાં અક્ષય કુમારે તેની ફિલ્મોની પસંદગી વિશે વાત કરી છે અને એમ પણ કહ્યું હતું કે તેને પત્ની ટ્વિંકલ ખન્ના તેને ચીડાવે છે કે, ''તું કેટલી વાર દેશ બચાવીશ ?''તાજેતરમાં અક્ષય કુમારે એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેમાં તેણે કહ્યું હતું કે જ્યારથી તેણે પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યુ છે, ત્યારથી તેણે ઘણી દેશભક્તિની ફિલ્મો બનાવી છે. તેણે એમ પણ કહ્યું કે હોલિવૂડમાં તો એવી ઘણી ફિલ્મો બની છે



જેમાં વૈશ્વિક સમસ્યામાંથી અમેરિકન લોકોએ દુનિયાને બચાવી હોય. ત્યારે તેણે આ અંગે વિચાર્યુ અને નક્કી કર્યુ કે ભારત તેમનાંથી પણ સારું કામ કરી શકે છે. આગળ અક્ષયે કહ્યું, ''હું તમને એક વાત કહેવા માગું છું અને તમે મારી સાથે સહમત પણ થશો. આતંકવાદી હુમલો, એલિયન્સ દ્વારા થતાં આક્રમણો, અવકાશમાંથી કોઈ પદાર્થો નીચે આવે, ગમે તે ઘટના હોય, દુનિયાને કોણ બચાવે છે? અમેરિકા. તો મેં વિચાર્યુ કે જો અમેરિકા જ બધું કરતું હોય તો, આપણે ક્યારે કંઈ કરીશું? આપણને ખબર છે કે ભારત બધું જ કરી શકે તેમ છે. ભારત ઘણું કરી શકે તેમ છે.''તાજેતરમાં અક્ષય કુમારે સ્કાય ફોર્સમાં વીર પહારીયા સાથે કામ કર્યુ છે. આ અંગે તેણે કહ્યું, ''મને ખબર છે કે આવી ફિલ્મો બોક્સ ઓફિસ પર બહુ ચાલતી નથી કારણ કે લોકોને તો મનોરંજન ગમે છે. પણ તમને કહી દઉં કે મારું મન કહે છે એટલે હું આ ફિલ્મ્સ કરું છું. હું દેશ માટે આ ફિલ્મ્સ બનાવતો રહીશ.

### અભિનેત્રી સમંથાએ ૨૦૨૩માં પોતાનું પ્રોડક્શન હાઉસ તરલા મુવિંગ પિક્ચર્સ શરૂ કર્યું હતું

# સમંથાના પ્રોડક્શન હાઉસમાં વળતરમાં ભેદભાવ નહીં હોય

સમંથા રુથ પ્રભુએ ૨૦૨૩માં જાહેરાત કરી હતી કે તે હવે પ્રોડ્યુસર બની ગઈ છે અને તેણે તરલા મુવિંગ પિક્ચર્સ નામનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યુ હતું. તેણે કહ્યું હતું કે તે એવી ફિલ્મો બનાવશે, જેમાં ''ફિલ્મો નવા જમાના અને નવા વિચારોનું પ્રતિનિધિત્વ કરશે.'' હવે સમંથા તેલુગુ સિનેમાની જાણીતી ડિરેક્ટર અને રાઈટર નંદિની રેડ્ડી સાથે ફરી કામ કરવા જઈ રહી છે. સમંથા તેલુગુ સિનેમાની જાણીતી ડિરેક્ટર અને રાઈટર નંદિની રેડ્ડી સાથે ફરી કામ કરવા જઈ રહી છે ત્યારે એક રાઉન્ડ ટેબલ પેનલ ડિસ્કશનમાં નંદિનીએ સમંથાના વળતરમાં ભેદભાવ ખતમ કરવાનાં પગલાં વિશે વાત કરી હતી. નંદિનીએ કહ્યું હતું કે મહિલા ડિરેક્ટર્સને પુરુષ ડિરેક્ટર્સ કરતાં વધુ મહેનત કરવી પડે છે કારણ કે તેમણે પોતાની જાતને પ્રોડ્યુસર્સ માટે અને તેમની ફિલમ્સ માટે સુરક્ષિત સાબિત કરવાની હોય છે.પુરુષ ડિરેક્ટર્સને તો ફિલ્મ ફલોપ જાય પછી પણ બીજી તક મળે છે, તે અંગે નંદિનીએ ખુલીને કહેલું, ''અમારા માટે દરેક શુક્રવાર મહત્વનો હોય છે. અમારી સફળતા માત્ર અમારી ફિલ્મ કેવી ચાલે છે, તેના પર જ આધારીત હોય છે. જ્યારે એક પુરુષ ડિરેક્ટર જેટલું ચાર વર્ષમાં મેળવી લે છે, ત્યાં સુધી પહોંચતા મહિલા ડિરેક્ટરને આઠ વર્ષ થઈ જાય છે.'' ત્યારે વળતરમાં ભેદભાવને તેણે એક કડવી વાસ્તવિકતા ગણાવી હતી. હવે સમંથા રુથ પ્રભુ અને નંદિની રેડ્ડી મળીને 'બંગારમ' નામની ફિલ્મ બનાવી રહ્યાં છે, જેમાં સમંથા રુથ પ્રભુએ દરેકને એક સમાન વળતરની પોલિસી લાગુ કરી છે.

# સિમોન ફિશર-બેકરનું અવસાન

## સિમોન ફિશરનો જન્મ ૨૫ નવેમ્બર ૧૯૬૧ ના રોજ થયો હતો

હોલીવુડ અભિનેતા સિમોન ફિશર-બેકરનું ૬૩ વર્ષની વયે અવસાન થયું છે. તેમના મૃત્યુની પુષ્ટિ થઈ ગઈ છે. જોકે, મૃત્યુ પાછળનું કારણ બહાર આવ્યું નથી. તેમના નિધનના સમાચાર સાંભળીને ચાહકો અને ઉદ્યોગ આઘાતમાં છે. તેમણે પ્રખ્યાત 'હેરી પોટર' માં કામ કર્યુ છે.હોલીવુડથી એક દુઃખદ સમાચાર આવી રહ્યા છે. 'હેરી પોટર' અને 'ડોક્ટર હૂ'માં તેમના શક્તિશાળી અભિનય માટે પ્રખ્યાત અભિનેતા સિમોન ફિશર-બેકરનું નિધન થયું છે. તેઓ ૬૩ વર્ષના હતા. તેમના મૃત્યુથી તેમના ચાહકો અને ઉદ્યોગને મોટો આઘાત લાગ્યો છે. સોશિયલ મીડિયા પર દરેક વ્યક્તિ શોક વ્યક્ત કરી રહ્યા છે.સિમોન ફિશર-બેકરના એજન્ટ, જાફરી મેનેજમેન્ટના કિમ બેરીએ તેમની લાંબા સમયથી ચાલતી મિત્રતાને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું: 'આજે મેં ફક્ત એક ક્લાયન્ટ જ નહીં પરંતુ ૧૫ વર્ષના નજીકના મિત્રને ગુમાવ્યા છે.' બીબીસીના 'ડોક્ટર હૂ'માં ડોરિયમ માલદોવરની ભૂમિકા ઓફર થઈ ત્યારે મેં તેમને કરેલો ફોન કોલ હું ક્યારેય ભૂલીશ નહીં. સિમોન એક લેખક અને ઉત્તમ જાહેર વક્તા હતા. તેમણે મને ખૂબ મદદ કરી અને તેઓ દયાળુ, નમ્ર અને બધામાં રસ ધરાવતા હતા. સિમોનનું






ફેસબુક એકાઉન્ટ ખુલ્લું રહેશે. સિમોનનો જન્મ ૨૫ નવેમ્બર ૧૯૬૧ ના રોજ થયો હતો. તેઓ ટીવી અને ફિલ્મ અભિનેતા હતા. ખાસ કરીને કોમેડી અને ખાસ પાત્રો માટે. તેઓ 'પપી લવ' માં ટોની ફાઝાકરલી, 'હેરી પોટર એન્ડ ધ ફિલોસોફર્સ સ્ટોન' માં ધ ફેટ ફ્રાયર તરીકેની ભૂમિકાઓ માટે જાણીતા છે. સિમોન ફિશર-બેકરના એજન્ટ, જાફરી મેનેજમેન્ટના કિમ બેરીએ તેમની લાંબા સમયથી ચાલતી મિત્રતાને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ આપી તે હેરીની હોગવટ્ર્સ સ્કૂલમાં ભૂત તરીકે રહેતો હતો.



ઇવેન્ટ માટે દીપિકા પાદૂકોણે સબ્યસાચી દ્વારા ડિઝાઇન થયેલું ગોલ્ડન કલરનું શિમરી ઓન્સોમ્બલ પહેર્યું હતું

# હું મોસ્ટ પેઇડ એક્ટ્રેસ છું, તેવું કહેવું ના પડે તેવા દિવસો આવશે : દીપિકા

તાજેતરમાં દીપિકા પાદુકોણને અબુ ધાબી ખાતે યોજાયેલ ફોર્બ્સ ૩૦/૫૦ સમિટમાં ભાગ લેવા માટે આમંત્રણ મળ્યું હતું. જ્યાં દીપિકાએ સ્ત્રી સશક્તિકરણ અને માનસિક સ્વાસ્થ્ય જેવા વિષય પર વાત કરવા આ વૈશ્વિક મંચનો ઉપયોગ કર્યો હતો.શુક્રવારે યોજાયેલી ચર્ચામાં દીપિકાએ સફલતા અને પોતાના મૂલ્ય વિશે વાત કરતાં કહ્યું, ''આશા છે કે આપણે એવા દિવસ સુધી પહોંચીએ કે આપણે એવું ન કહેવું પડે કે હું બોલિવૂડની મોસ્ટ પેઇડ એક્ટ્રેસ છું.''આ ઈવેન્ટ માટે દીપિકા પાદૂકોણે સબ્યસાચી દ્વારા ડિઝાઈન થયેલું ગોલ્ડન કલરનું શિમરી ઓન્સોમ્બલ પહેર્યુ હતું, જેની પફ સ્લીવ્ઝ અને બૉ ટાઈવાળી નેકલાઈન હતી. આ ડ્રેસ તેણે સ્ટેલેટો બૂટ્સ પહેર્યા હતા. જ્યારે હેરસ્ટાઈલમાં તેણે ઊંચું બન કર્યુ હતું. જો મેકઅપની વાત કરીએ તો તેણે સોફ્ટ પિંક લિપ્સ, બ્લશ, સાથે સ્મોકી બ્રાઉન આઈ મેક અપ કર્યો હતો. તેની સાથે એક્સેસરીઝમાં તણે સિલ્વર ઈઅરકફ્ઝ પહેર્યા હતાં. દીપિકાનો આ લૂક ઘણો વાયરલ થયો હતો.આ સમિટમાં તેણે પોતાની દિકરી દુઆ અંગેની સૌથી મોટી ચિંતા અંગે પણ વાત



કરી હતી. તેણે કહ્યું હતું કે તેના મનમાં સતત તેની દિકરી દુઆ વિશે ચિંતા હોય છે અને તેની વાત આવે ત્યારે દીપિકાની બધી જ પ્રાથમિકતાઓ બદલાઈ જાય છે. મેન્ટલ હેલ્થ વિશે વાત કરતાં દીપિકાએ કહ્યું, ''માનસિક બીમારીનો ભોગ બની ચુકી છું તો મારું લક્ષ્ય હંમેશા મન શાંત રહે તેવું હોય છે, કારણ કે મનની શાંતિથી વિશેષ કશું જ નથી. એ કરવા કરતાં કહેવું અઘરું છે, તેના માટે મહેનત કરવી પડે છે. તેથી હું હંમેશા પ્રયત્ન કરું છું કે કઈ રીતે હું મારા કામથી વિવિધ મંચ પર હકારાત્મક અસર ઉભી કરી શકું, મારી ફિલ્મથી પણ હકારાત્મક પરિવર્તન લાવવા પ્રયત્ન કરું છું. કારણ કે તમે જેવા વ્યક્તિ છો, તેનાથી તમને લોકો યાદ રાખશે.''

# ડિજિટલ રાઈટ્સના વેચાણમાં 'સિકંદર' કરતાં 'લવ એન્ડ વોર' ફિલ્મને વધુ આવક થઈ છે

## રણબીર અને આલિયાની ફિલ્મના રાઈટ્સ ૧૩૦ કરોડમાં અને 'સિકંદર'ના ૮૫ કરોડમાં વેચાયા

સલમાન ખાનના નામ માત્રથી ફિલ્મો બ્લોકબસ્ટર બની જતી હોય, તે દિવસો હવે ભૂતકાળ બની ગયા છે. સલમાન ખાનનો સ્ટારપાવર ઘટી રહ્યો હોવાના ગણગણાટને તાજેતરમાં ડિજિટલ રાઈટ્સના સોદાએ વેગ આપ્યો છે. જેમાં સલમાનની આગામી ફિલ્મ 'સિકંદર' કરતાં રણબીર-આલિયાની 'લવ એન્ડ વોર'ના ડિજિટલ રાઈટ્સ વધારે કિંમતે વેચાયા છે. 'સિકંદર'ના ડિજિટલ રાઈટ્સ નેટફિલક્સે રૂ.૮૫ કરોડમાં ખરીદ્યા છે, જ્યારે 'લવ એન્ડ વોર'ના ડિજિટલ રાઈટ્સ રૂ.૧૩૦ કરોડમાં વેચાયા હોવાનું જાણવા મળ્યું છે. ઈદ પર રિલીઝ થઈ રહેલી સલમાનની 'સિકંદર' માટે ઘણી ઉત્સુકતા છે. ફિલ્મની રિલીઝ પહેલાં તેના ડિજિટલ રાઈટ્સ વેચાયા છે, પરંતુ તેમાં અપેક્ષા કરતાં ઓછી કિંમત મળી છે. એ આર મુરગોદાસના ડાયરેક્શનમાં 'સિકંદર' પાછળ રૂ.૨૦૦ કરોડનો ખર્ચ થયો છે. આ ફિલ્મે રિલીઝ પહેલાં જ રૂ.૧૬૫ કરોડની આવક મેળવી લીધી છે. નેટફિલક્સને રૂ.૮૫ કરોડમાં ડિજિટલ રાઈટ્સ વેચવામાં આવ્યા છે, જ્યારે મ્યૂઝિક રાઈટ્સમાંથી રૂ.૩૦ કરોડ અને સેટેલાઈટ રાઈટ્સમાંથી રૂ.૫૦ કરોડ મળ્યા છે. રિલીઝ પહેલાં જ ફિલ્મે મોટાભાગનું બજેટ વસૂલ કરાવી દીધું છે, પરંતુ ડિજિટલ રાઈટ્સના વેચાણમાં સૌથી વધુ કિંમત મેળવનારી પાંચ ફિલ્મોમાં 'સિકંદર'નો સમાવેશ થતો નથી. સૂત્રોના જણાવ્યા મુજબ, ડિજિટલ રાઈટ્સમાં સૌથી વધુ કિંમત શાહરૂખ ખાનની 'ડંકી'ને મળી હતી. આ ફિલ્મના રાઈટ્સ ૧૫૫ કરોડમાં વેચાયા હતા. બીજા નંબરે આલિયા-રણબીરની 'લવ એન્ડ વોર' આવે છે. આ ફિલ્મનું પ્રોડક્શન પૂરું થાય તે પહેલાં જ રૂ.૧૩૦ કરોડમાં ડિજિટલ રાઈટ્સ વેચાયા હોવાનું જાણવા મળ્યું છે. અજય દેવગનની 'સિંઘમ અગેઈન'ના રાઈટ્સ રૂ.૧૩૦ કરોડ, શાહરૂખની 'જવાન' અને



'એનિમલ'ના રાઈટ્સ રૂ.૧૨૦ કરોડમાં વેચાયા હતા. પાંચમા નંબરે 'પઠાણ'ના રાઈટ્સ રૂ.૧૦૦ કરોડ અને ત્યાર પછી છઠ્ઠા ક્રમે 'સિકંદર'ના રાઈટ્સ રૂ.૮૫ કરોડમાં વેચાયા હતા. ડિજિટલ રાઈટ્સના વેચાણમાં સૌથી વધુ કિંમત મેળવનારી ફિલ્મોમાંથી ત્રણ ફિલ્મ શાહરૂખની અને બે રણબીર કપૂરની છે. સલમાનની એક પણ ફિલ્મ ટોપ-૫માં નથી. સલમાનની 'ટાઈગર ૩'ના ડિજિટલ રાઈટ્સ રૂ.૧૦૦ કરોડથી વધુમાં વેચાયા હોવાનું મનાય છે, પરંતુ આ અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ થઈ નથી. ડિજિટલ રાઈટ્સમાં વધારે કિંમત મળવાથી ફિલ્મની સફળતાની શક્યતામાં વધારો થતો નથી. પરંતુ ફિલ્મની રિલીઝ પૂર્વે થતા આ પ્રકારના સોદાના કારણે સ્ટારની લોકપ્રિયતા અને ફિલ્મની સફળતાનો અંદાજ આવી શકે છે. સલમાનની 'સિકંદર'ને રિલીઝ પહેલાં બજેટના ૮૦ ટકાથી વધુ રકમ મળી ગઈ છે ત્યારે આ ફિલ્મને નુકસાન જવાની શક્યતા નથી. જો કે ડિજિટલ રાઈટ્સમાં શાહરૂખ અને રણબીર પછી સલમાનનું નામ આવી રહ્યું છે. જેના કારણે સલમાનના નામે ફિલ્મ બ્લોકબસ્ટર બનવાની શક્યતાઓ સામે પણ અનિશ્ચિતતા ઊભી થઈ છે.

# અનુરાગ કશ્યપ કન્નડ ફિલ્મ '૮' થી અભિનય ડેબ્યુ કરશે

## સુજય શાસ્ત્રીના દિગ્દર્શન હેઠળ બની રહેલી ફિલ્મ '૮' ફૂટબોલ પર આધારિત એક સ્પોટ્ર્સ ડ્રામા ફિલ્મ છે

ગેંગ્સ ઓફ વાસેપુર, બ્લેક ફ્રાઈડે, દેવ ડી, ગુલાલ અને મુક્કેબાઝ જેવી અલગ અને વાસ્તવિક સામગ્રી ધરાવતી ફિલ્મો બનાવનાર દિગ્દર્શક અનુરાગ કશ્યપ હવે દિગ્દર્શન અને નિર્માણ પછી અભિનયમાં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ગયા વર્ષે, અનુરાગ કશ્યપે તમિલ થ્રિલર ફિલ્મ 'મહારાજા' સાથે દક્ષિણ ફિલ્મ ઉદ્યોગમાં અભિનેતા તરીકે ડેબ્યૂ કર્યુ હતું. ફિલ્મમાં નકારાત્મક ભૂમિકામાં અનુરાગ કશ્યપને દર્શકોએ ખૂબ પસંદ કર્યો હતો.

આ વર્ષે અનુરાગ કન્નડ ફિલ્મ '૮' માં પણ અભિનય કરતો જોવા મળશે.તાજેતરમાં, ફિલ્મ '૮' ના એક કાર્યક્રમમાં, ફિલ્મ નિર્માતા-અભિનેતા અનુરાગ કશ્યપે આ ફિલ્મ વિશે વાત કરી. અનુરાગે કહ્યું, 'ફિલ્મ '૮' એક ફૂટબોલ આધારિત સ્પોટ્ર્સ ડ્રામા ફિલ્મ છે. જ્યારે દિગ્દર્શક સુજય શાસ્ત્રીએ મને આ ફિલ્મની ભાવનાત્મક વાર્તા કહી, ત્યારે મને આ વાર્તા સાથે જોડાયેલું લાગ્યું, કારણ કે જીવનના કોઈક તબક્કે આપણે બધા એવા તબક્કામાંથી પસાર થઈએ છીએ જ્યારે આપણે બધું ગુમાવીએ છીએ. આવી સ્થિતિમાં, આપણે શાંતિ અને



મુક્તિ શોધવી પડશે, જે બીજાઓની મદદથી પ્રાપ્ત થાય છે. આ ફિલ્મ જીવન તમને બીજી તક આપે છે તે વિશે છે. હું આ ફિલ્મનો ભાગ બનવા માટે ઉત્સાહિત છું. મને ખુશી છે કે કોઈ એવું છે જે મને મનોરોગી ભૂમિકાઓથી આગળ જુએ છે. સુજય શાસ્ત્રીના દિગ્દર્શન હેઠળ બની રહેલી ફિલ્મ '૮' ફૂટબોલ પર આધારિત એક સ્પોટ્ર્સ ડ્રામા ફિલ્મ છે અનુરાગ કશ્યપની પ્રશંસા કરતા ફિલ્મના દિગ્દર્શક સુજય શાસ્ત્રીએ કહ્યું, 'અનુરાગે મને કહ્યું હતું કે તે કન્નડ ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશવા માટે એક મજબૂત સ્ક્રિપ્ટની રાહ જોઈ રહ્યો હતો.' અનુરાગને આ ફિલ્મ સાથે જોડવાથી અમે ખૂબ જ રોમાંચિત અને ઉત્સાહિત છીએ.દિગ્દર્શન ઉપરાંત, અનુરાગ કશ્યપ એક ફિલ્મ નિર્માતા પણ છે અને તેમણે બોલિવૂડમાં ઘણી શાનદાર ફિલ્મોનું નિર્માણ કર્યુ છે. જેમાં આમિર, ઉડાન, શૈતાન, આયા, શાહિદ, ધ લંચ બોક્સ, લૂટેરા, ક્વીન, દ્રઉઁ૧૦, હન્ટર, મસાન, ઉડતા પંજાબ, રમન રાઘવ ૨.૦, હરામખોર, ટ્રેપ્ડ, સાંડ કી આંખ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. સુજય શાસ્ત્રીના દિગ્દર્શન હેઠળ બની રહેલી ફિલ્મ '૮' ફૂટબોલ પર આધારિત એક સ્પોટ્ર્સ ડ્રામા ફિલ્મ છે. સુજય શાસ્ત્રી દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં અનુરાગ કશ્યપ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના બાકીના કલાકારોની જાહેરાત થોડા દિવસો પછી કરવામાં આવશે. ફિલ્મના શૂટિંગ અંગે અનુરાગ કશ્યપે કહ્યું કે ફિલ્મનું શૂટિંગ આ વર્ષે એપ્રિલથી શરૂ થશે

# અદાણી ગ્રીન એનર્જી દ્વારા નવા ૨૫૦ મેગાવોટના સોલાર એનર્જી પ્રોજેક્ટનો પ્રારંભ

## રિન્યૂએબલ એનર્જી ઉત્પાદન ક્ષમતા વધીને ૧૨,૫૯૧.૧ મેગાવોટ



। અમદાવાદ, તા.૧૩ ।

અદાણી સોલાર દેશની ગ્રીન એનર્જી ઉત્પાદનમાં સતત વધારો કરી રહ્યું છે. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડની સ્ટેપ-ડાઉન પેટાકંપની અદાણી સોલાર એનર્જી એપ એઈટ પ્રાઈવેટ લિમિટેડે નવા સૌર ઉર્જા પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો છે. આંધ્રપ્રદેશના કડપા ખાતે ૨૫૦ મેગાવોટનો નવો સૌર ઉર્જા પ્લાન્ટ શરૂ થતા અદાણી ગ્રીન એનર્જીની કુલ કાર્યરત નવીનીકરણીય ઉત્પાદન ક્ષમતા વધીને ૧૨,૫૯૧.૧ મેગાવોટ થઈ ગઈ છે.

**AGEL** ૨૦૩૦ સુધીમાં ૫+ ગીગાવોટ પમ્પ્ડ હાઈડ્રો સ્ટોરેજ ક્ષમતા વધારાના લક્ષ્યાંક સાથે ભારતમાં ગ્રીન પાવર ક્ષેત્રે ક્રાંતિ લાવવા પ્રતિબદ્ધ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં અદાણી ગ્રીન એનર્જીના સંયુક્ત ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૮૫% ની વૃદ્ધિ નોંધાઈ હતી. રિન્યૂએબલ એનર્જી કંપનીનો નફો ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં રૂ. ૪૭૪ કરોડ થયો હતો, જે એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં રૂ. ૨૫૬ કરોડ નોંધાયો હતો.

સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીની આવક રૂ. ૨૩૬૫ કરોડ હતી, જે ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૨૩૧૧ કરોડ હતી તેની સરખામણીમાં ૨.૩% વધીને રૂ. ૨.૫૬૫ કરોડ થઈ હતી.

બ્લુમબર્ગના ડેટા અનુસાર કંપની પર નજર રાખતા ૪૩ વિશ્લેષકોમાંથી ૨૯ 'બાય' કરવાનું સૂચન કર્યુ છે જ્યારે ૧૪ એ 'હોલ્ડ' રાખવાની ભલામણ કરી છે. વિશ્લેષકોએ ૧૨ મહિનામાં ભાવ લક્ષ્યાંકોમાં સરેરાશ ૨૮.૫% નો સંભવિત ઉછાળો સૂચવ્યો છે. અદાણી ગ્રીન એનર્જીના સ્ટોકમાં છેલ્લા ૧૨ મહિના દરમિયાન ૩૦.૩૭% નો વધારો થયો છે.

**AGEL** ને **ISS ESG** દ્વારા એશિયામાં પ્રથમ અને વૈશ્વિક સ્તરે **RE** ક્ષેત્રના ટોચના પાંચમાં સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે **CDP** એ **AGEL** ને સપ્લાયર જોડાણ અને આબોહવા પરિવર્તન મૂલ્યાંકન માટે ટોચની શ્રેણીમાં રેટિંગ આપ્યું હતું.

ભારત સ્વચ્છ ઉર્જામાં ગ્લોબલ લીડર તરીકે ઉભરી રહ્યું છે. ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ભારતની કુલ બિન-અશ્મિભૂત ઈંધણ આધારિત ઉર્જા ક્ષમતા ૨૧૭.૬૨ ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે.

# ઝાલોદ નગરની સૌથી મોટી હોળી : ડબગરવાસની પૌરાણિક હોળી દહનનું મહત્વ આજે પણ અકબંધ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

દર વર્ષે ફાગણ માસની પૂનમના દિવસે માર્ચ મહિનામાં આવતો હિંદુઓનો લોકપ્રિય તહેવાર એટલે હોળી. હોળી સાથે અનેક પૌરાણિક કથાઓ જોડાયેલી છે. તેમાં સૌથી પ્રચલિત કથામાં રાક્ષસ હિરણ્યકશ્યપ,ભક્ત પ્રહ્લાદ અને બહેન હોલિકાની કથા પ્રચલિત છે. ધાર્મિક રીતે હોળીનું મહત્વ હિન્દુ સમુદાયમાં મહત્વનુ છે. હોળી પર્વને લઈ નગરમાં ઠેરઠેર હોલિકા દહન કરવામાં આવી રહેલ છે ત્યારે નગરના ખાંટવાડાની હોળી એ સૌથી પૌરાણિક છે વર્ષોથી નગરજનો અહીંયા હોલિકા દહન નિમિતે પૂજા અર્ચના કરવા આવે છે. નગરજનોને આ પૌરાણિક હોળી પર પૂરી આસ્થા અને શ્રદ્ધા સાથે પૂજન અર્ચન કરતા હોય છે. વર્ષો જૂની પરંપરાને આજે પણ નગરજનોએ પાળી રાખી છે. અહીંયા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલિસ દ્વારા પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત મુકવામાં આવતો હોય છે. હોળી દહન કરવા માટે છાણા અને લાકડા ચારે બાજુ મુકવામાં આવતા હોય છે. નગરના અલગ અલગ વિસ્તારોમાં પણ હોળી દહન યોજાય છે પહેલા નગરની મોટી હોળી ખાંટવાડામા પ્રગટે છે ત્યારબાદ દરેક વિસ્તારના આગેવાન યુવાનો આ પ્રગટ થયેલ જ્યોતને મશાલ રૂપિ લઈ જઈ પોતપોતાના વિસ્તારોમાં હોળીનું પ્રાગટય કરતા હોય છે. નગરજનો પ્રગટ થયેલ હોળીની પ્રદક્ષિણા સાત વખત કરતા હોય છે તેમજ શ્રીફળ અને પૂજાપા થી હોળી માતાની પૂજા કરતા હોય છે સાથે સાથે પ્રદક્ષિણા કરતાં સમયે હોલિકા માત કી જય અને ભક્ત પ્રહલાદ કી જય જેવા ભક્તિભાવ વાળા નાદ લગાવી વાતાવરણ ગુંજાવી મૂકતા હોય છે.

# પશ્ચિમ રેલ્વે ચલાવશે અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૩ ।

પશ્ચિમ રેલ્વે દ્વારા હોળીના તહેવાર અને ઉનાળાની ઋતુ દરમિયાન મુસાફરોની સુવિધા અને વધારાની ભીડ ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે અસારવા-આગ્રા કેન્ટ વચ્ચે વિશેષ ભાડા પર ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નં. ૦૪૧૭૦/૦૪૧૬૯ અસારવા-આગ્રા કેન્ટ-અસારવા ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ (૧૬ ટ્રિપ્સ)

ટ્રેન નંબર ૦૪૧૭૦ અસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલ ૧૬ માર્ચ ૨૦૨૫ થી ૦૧ એપ્રિલ ૨૦૨૫ સુધી દર મંગળવાર, ગુરુવાર અને રવિવારે અસારવાથી સવારે ૦૯.૧૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૨.૩૦ વાગ્યે આગ્રા કેન્ટ પહોંચશે. આજ રીત, ટ્રેન નંબર ૦૪૧૬૯ આગ્રા કેન્ટ-અસારવા સ્પેશિયલ ૧૫ માર્ચ ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી દર સોમવાર, બુધવાર અને શનિવારે આગ્રા કેન્ટથી બપોરે ૧૩.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૫.૪૫ વાગ્યે અસારવા પહોંચશે. માર્ગમાં બંને દિશામાં ટ્રેન હિંમતનગર, ડુંગરપુર, જાવર, ઉદયપુર સિટી, માવલી, ચંદેરિયા, માંડલ ગઢ, બૂંદી, કેશોરાય પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના અને ફતેહપુર સીકરી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર, એસી ૨-ટાયર, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૪૧૭૦ ની બુકિંગ ૧૪ માર્ચ ૨૦૨૫ થી બધા **PRS** કાઉન્ટર અને **IRCTC** વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટમાં ગુજરાત દેશનું નંબર વન રાજ્ય છે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ



। (માહિતી) અમદાવાદ, તા.૧૩ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટમાં ગુજરાત દેશનું નંબર વન રાજ્ય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત માળખાકીય વિકાસમાં વિશ્વનું નંબર વન રાષ્ટ્ર બનવા જઈ રહ્યું છે. ભારત પાસે દુનિયાનું બીજા નંબરનું રોડ નેટવર્ક, ત્રીજા નંબરનું મેટ્રો નેટવર્ક અને ચોથા નંબરનું રેલ નેટવર્ક આવેલું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના રૂ. ૧૪૬ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યું હતું.

સાણંદ - ચેખલા - કડી રસ્તા પર, અમદાવાદ વિરમગામ રેલવે લાઈન ઉપર નિર્મિત એક કિલોમીટર લાંબા ફોર લેન રેલવે ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ મંત્રીશ્રીએ કર્યું હતું. સાણંદ તાલુકાના નિધરાડ ગામની ભાગોળે મુનીબાવાના આશ્રમ પાસે આવેલા રેલ્વે ફાટક પર આ ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સાણંદ તાલુકાને કડી અને ગાંધીનગર સાથે જોડતા રોડ પર રેલવે ઓવર બ્રિજ બનતા ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થયું છે તેમજ સાણંદના ઉદ્યોગો, ફેક્ટરીઓ માટે માલસામાનના પરિવહનને ગતિ મળી છે.

ચિલોડા-ગાંધીનગર-સરખેજ હાઈવે પરના છારોડી જંકશન પાસે બ્રિજ તથા નર્મદા કેનાલ પર નવા ચારમાર્ગીય બ્રિજનું ઈ-ખાતમુહૂર્ત પણ કેન્દ્રીય મંત્રીશ્રીએ કર્યું હતું. આ ઉપરાંત, ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મોટીભોયણ- વાંસજડા-વામજ રસ્તાની રીસરફેસિંગની કામગીરીનું ઈ-ખાતમુહૂર્ત પણ તેમણે કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોને વર્ચ્યુઅલી સંબોધન કરતા કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં ફોરલેન હાઈવેની સંખ્યા અઢી ઘણી વધી છે. દેશમાં દરરોજ ૩૬.૫ કિલોમીટર લાંબા નવા રોડ બને છે અને હાઈવેની સંખ્યામાં ૬૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સાણંદ - કલોલ જેવાં નાનાં નગરોનો વિકાસ તેજ ગતિએ થઈ રહ્યો છે. સાણંદમાં ૫૦૦ બેડની હોસ્પિટલ ભારત સરકાર બનાવવાની છે. આ ઉપરાંત ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં મોટી સિવિલ હોસ્પિટલનું નિર્માણ પણ થવાનું છે. સાથે જ કલોલમાં પણ ભારત સરકાર દ્વારા મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલનું નિર્માણ થવાનું છે.

તેમણે વધુમાં કહ્યું કે, ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં કોઈ પણ નાગરિકને ઘરથી ૨૦ કિમીની અંદર મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ અને ઉત્તમ આરોગ્ય સુવિધા મળી રહે તેવી તેમની નેમ છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, વિશ્વનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ એનર્જી પાર્ક ગુજરાતમાં બની રહ્યો છે. એશિયાનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ સિટી ધોલેરા, ફાઈનાન્સ ટેક સિટી ગિફ્ટ સિટી, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ જેવા મેગા પ્રોજેક્ટનો લાભ ગુજરાતને મળી રહ્યો છે. જે ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ વિકાસને દર્શાવે છે.

આ પ્રસંગે સાણંદ ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલે રેલવે ઓવરબ્રિજનું નિર્માણ થવાથી નાગરિકોમાં જે ખુશીની લાગણી પ્રવર્તી છે, તેનો ચિતાર આપ્યો હતો.

ધારાસભ્યશ્રીએ સાણંદને કલોલ સાથે જોડતા રોડને ફોર લેન કરવાની કામગીરી ચાલુ છે અને ટૂંક સમયમાં સાણંદથી કલોલ કે મહેસાણા જવા માટે ફોર લેન રોડ મળી રહેવાનો છે, તેની વિગતો જણાવી હતી.

સાણંદને 'બ' વર્ગની નગરપાલિકાનો દરજ્જો મળતાં વિકાસ કામોમાં ગતિ આવશે તેમજ નર્મદાના કમાન્ડ એરિયામાં સાણંદના વિસ્તારોનો સમાવેશ થયો છે, તેનાથી પિયત ખેતીને પણ પ્રોત્સાહન મળશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ અવસરે અમદાવાદ જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, સાણંદ તાલુકા પંચાયત પ્રમુખ વસંતબા વાઘેલા, નગરપાલિકાના પ્રમુખ ધ્રુમિલ દોશી, રાજકીય અગ્રણી શ્રી શૈલેષ દાવડા, અમદાવાદ કલેક્ટર શ્રી સુજીત કુમાર, ગાંધીનગર કલેક્ટર શ્રી મેહુલ દવે, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અમદાવાદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઓમપ્રકાશ જાટ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# વિરમગામમાં જામ્યો ક્રિકેટનો મહાકુંભ : સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫ નો શુભારંભ કરાયો

## ૩૦ દિવસ ચાલનાર ક્રિકેટ ટુર્નામેન્ટનું લાઈવ પ્રસારણ, તમામ ખેલાડીઓને ડ્રેસ વિતરણ અને શ્રેષ્ઠ ખેલાડીઓ તેમજ વિજેતા ટીમને આકર્ષણ ઇનામો વિતરણ કરવામાં આવશે



તસ્વીર : નીલકંઠ વાસુકીયા, વિરમગામ

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૧૩ ।

ગુજરાત સરકારના રમત-ગમત અને યુવક સેવા વિભાગના સહયોગ તેમજ વિરમગામ, માંડલ અને દેત્રોજ ક્રિકેટ એસોસિયેશન અને હાર્દિક પટેલ ફેન ક્લબ દ્વારા આયોજીત સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નો વિરમગામ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિરમગામ વિધાનસભાની ૯૦ ટીમોએ ભાગ લઈ રહી છે. સતત બીજા વર્ષે આ આયોજન ગ્રામ્ય સ્તરના ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે કરી રહ્યા છે. ૩૦ દિવસ આ ક્રિકેટનો મહાકુંભ ચાલશે. ટુર્નામેન્ટનું લાઈવ પ્રસારણ તેમજ તમામ ખેલાડીઓને ડ્રેસ વિતરણ અને શ્રેષ્ઠ ખેલાડીઓ તેમજ વિજેતા ટીમને આકર્ષણ ઈનામો વિતરણ કરવામાં આવશે. તેમ વિરમગામ માંડલ દેત્રોજ અને નળકાંઠા મત વિસ્તારના ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ દાવડા, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક અને ધારાસભ્ય જગદીશભાઈ મકવાણા, ભાજપ યુવા મોરચાના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અને ધારાસભ્ય અમિતભાઈ ઠાકર, જિલ્લા પંચાયતના પ્રમુખ કંચનબા વાઘેલા, પૂર્વ પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, ધારાસભ્ય કનુભાઈ કોળી પટેલ, ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, ધારાસભ્ય બાબુસિંહ જાદવ, ધારાસભ્ય પીકેપરમાર, ધારાસભ્ય સુખાજી ઠાકોર, ધારાસભ્ય કિરીટસિંહ ડાભી તેમજ ભાજપના જિલ્લા અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ વિશ્રામ ગૃહ નજીક રોડ પર એસ.ટી બસના ચાલાકે પીકઅપ ગાડીને અડફેટે લીધી

## હોળીના પર્વ નિમિતે તમામ લોકો તહેવાર ઉજવવા માદરે વતન આવતા હતા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ નગરના પ્રવેશદ્વાર નજીક વિશ્રામ ગૃહ નજીક રોડ પર એક પીકઅપ ગાડી **GJ-08-AU-4732** ધીરે ધીરે ઝાલોદ તરફ આવી રહી હતી ત્યારે એક પૂરપાટ દોડતી આવતી એસ.ટી બસના ચાલક દ્વારા પીકઅપ ગાડીને અડફેટે લીધી અકસ્માત સર્જાતા બસ ચાલક બસ છોડી નાસી છુટયો હતો.

પીકઅપ વાહનમાં અંદાજીત નવ જેટલા વ્યક્તિ જેમાં છ પુરુષ અને ત્રણ મહિલા હતી તેઓ હોળીના તહેવાર નિમિતે ભાભર ખાતે થી મજૂરી કરીને પોતાના વતન હોળી કરવા પરત આવી રહેલ હતા. તેઓ રાત્રીના આઠ વાગે ભાભર થી ગાડી ભાડે કરીને નીકળ્યા હતા ત્યારે વહેલી સવારે આસરે સવારે પાંચ વાગ્યાના સમય દરમ્યાન ઝાલોદ મુવાડા ચોકડી નજીકના વિશ્રામ ગૃહ નજીક પાછળથી પૂરપાટ ઝડપે આવતી બસ ચાલક દ્વારા પીકઅપ ગાડીના ડ્રાઈવર બાજુ જોશભેર ટક્કર મારી હતી. પીકઅપ ગાડીને ટક્કર વાગતા નજીકમાં આવેલ ખાડામાં ઉતરી જતાં પીકઅપ ગાડીમાં સવાર લોકોએ બુમાબુમ કરી મુકી હતી. પીકઅપ ગાડીને ટક્કર મારી બસ ચાલક બસ મૂકીને નાસી છુટયો હતો. પીકઅપ ગાડીમાં સવાર લોકોને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઝાલોદ સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. સરકારી હોસ્પિટલના ડોક્ટર દ્વારા ઘાયલ દરેક વ્યક્તિઓ ને સારવાર કરેલ હતી. ઉપરોક્ત બનાવ સંદર્ભે ઝાલોદ પોલીસ દ્વારા બસ ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રૅક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**કર્ક (ડ,હ) :**
આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવાની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે?

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે.

**તુલા (ર,ત) :**
આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારે સ્વાસ્થયની ખાસ સંભાળ લેવાની જરૂર છે અને પરિસ્થિતિને થાળે પાડો. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. આજે રૉમાન્સની આશા નથી. વ્યાવસાયિક મોરચે જવાબદારીમાં વધારો થવાની શક્યતા છે.

**મકર (ખ,જ) :**
સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો. પરિસ્થિતિને અંકુશ હેઠળ રાખવા દરેકની સમસ્યાઓને સાંભળો. રૉમાન્સ આનંદદાયક તથા અત્યંત આકર્ષક રહેશે. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે.

**કુંભ (ગ,શ,સ) :**
થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. જુદા પ્રકારના રૉમાન્સનો અમુભવ થવાની શક્યતા છે. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે.

## ડીપસીકના ફાઉન્ડર લિઆંગ વેનફેન્ગનું ગામ બન્યું ટુરિસ્ટ પ્લેસ




। (એજન્સી) બેઝીંગ, તા.૧૩ ।

ડીપસીકના ફાઉન્ડર લિઆંગ વેનફેન્ગનું ગામ એક ટુરિસ્ટ પ્લેસ બની ગયું છે. ત્યાં માત્ર તેના દાદા રહે છે અને લોકો ત્યાં સતત મુલાકાતે જઈ રહ્યાં હોવાથી તેમના માટે આ ઉંમરે એક નવી મુશ્કેલી વધી ગઈ છે. AI ડીપસીકને કારણે લિઆંગ રાતોરાત દુનિયાભરમાં ફેમસ થઈ ગયો હતો. તેની આ લોકપ્રિયતાની અસર તેના દાદા ભોગવી રહ્યાં છે. તેમણે હવે તેમના ઘરનું આગળનો દરવાજો બંધ રાખીને બેસવું પડે છે.લિઆંગનો જન્મ ચીનની દક્ષિણમાં આવેલા મિલિલિંગ ગામમાં થયો હતો. આ ગામનો આજે પણ વિકાસ નથી થયો. લિઆંગનો જન્મ ત્યાં થયો હતો અને પ્રાઈમરી સ્કુલનું ભણતર તેણે ત્યાં લીધું હતું. આ સ્કુલમાં લિઆંગના માતા-પિતા શિક્ષક હતા. આ ગામ હવે એક પર્યટકનું સ્થાન બની ગયું છે.લિઆંગનું જન્મસ્થળ અને એ ત્યાંનો હોવાથી લોકો એ ગામની મુલાકાતે જઈ રહ્યાં છે. આ ત્યાં પ્રવાસીઓની સંખ્યા ખૂબ જ વધી ગઈ છે. ત્યાંના સત્તાધિકારીઓ માટે તેમને સેવા પૂરી પાડવામાં પણ તકલીફ પડી રહી છે. આ ગામમાં અંદાજે ૭૦૦ જેટલા ઘર છે. મોટાભાગના યુવાનો ત્યાં બૂટ-ચંપલનો બિઝનેસ કરે છે અને ઉંમરલાયક વ્યક્તિ ખેતી કરે છે. આ ગામમાં લોકો વધુ આવી રહ્યાં હોવાથી ત્યાં હવે આવક થઈ રહી છે. તેમ જ લોકલ વહિવટદારો પણ હવે વિકાસ કરવા માટે બંધાયેલા છે. આથી ત્યાં હવે ધીમે ધીમે વિકાસ થઈ રહ્યો છે.લિઆંગ વેનફેન્ગની સિદ્ધિને દુનિયાભરના લોકોના ધ્યાનમાં આવતાં ઘણાં લોકો મિલિલિંગની મુલાકાત લઈ રહ્યાં છે. ૨૯ જાન્યુઆરીથી ૧૦ ફેબ્રુઆરી સુધી ચીનમાં સ્પ્રિંગ ફેસ્ટિવલ હોલીડે ચાલતો હતો. આ દરમ્યાન ગામમાં રોજના દસ હજારથી વધુ લોકો મુલાકાત લેતા હતા. એમાં ઘણાં વ્યક્તિ ગ્રુપમાં, ફેમિલી અને બાળકો સાથે તેમ જ કંપનીના યુનિફોર્મ પહેરીને સીધા નોકરીથી પણ આવે છે. ટુરિસ્ટમાં વધારો થતાં અને ઘણાં લોકોએ ત્યાં લોકો માટે વ્યવસ્થા ન હોવાની ફરિયાદ કરી છે. આથી ત્યાંના અધિકારીઓ દ્વારા ગામનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. ૨૯ ઘરની બહારની દિવાલનું મરામતનું કામ કરીને એના પર નવો કલર કરવામાં આવ્યો છે. ભંગાર થઈ ગયેલા ઘરને જમીનદોસ કરી નાખવામાં આવ્યાં છે.

### કેસનાં સમગ્ર તથ્યોને ધ્યાન લેવાં જોઇએ

## સહાયક પુરાવા વિના મૃત્યુપૂર્વેના નિવેદનના આધારે કોઇને દોષિત ન ઠેરવી શકાયઃ સુપ્રીમ

### સર્વોચ્ચ અદાલતે સપ્ટેમ્બર ૨૦૦૮માં પત્નીને સળગાવીને હત્યા કરવાના આરોપમાં દોષિત ઠરેલા એક વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું છે કે સહાયક પુરાવા વગર મરણપથારીએ પડેલા વ્યક્તિના શંકાસ્પદ નિવેદનને આધારે કોઈ વ્યક્તિને દોષિત ઠેરવવો સુરક્ષિત નથી. આવું નિવેદન પુરાવાનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે અને માત્ર તેના પર જ આધાર રાખીને દોષિત ઠેરવી શકાય છે, કારણ કે ફોજદારી કાયદામાં તેનું ખૂબ મહત્વ છે. જોકે આવા નિવેદનની ગુણવત્તા ચકાસ્યા પછી અને આપેલ કેસના સમગ્ર તથ્યોને ધ્યાનમાં લીધા પછી જ તેના પર આધાર રાખી શકાય છે. સર્વોચ્ચ અદાલતે સપ્ટેમ્બર ૨૦૦૮માં પત્નીને સળગાવીને હત્યા કરવાના આરોપમાં દોષિત ઠરેલા એક વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો. ટ્રાયલ કોર્ટે પત્નીના મૃત્યુ પહેલાના નિવેદનના આધારે આ વ્યક્તિને દોષિત ઠેરવ્યો હતો. ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને અહસાનુદ્દીન અમાનુલ્લાહની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે જો મૃત્યુ પહેલાનું નિવેદન શંકાથી ઘેરાયેલું



હોય અથવા મૃતક દ્વારા અસંગત નિવેદન આપવામાં આવ્યું હોય, તો અદાલતોએ મૃત્યુ પહેલાનું કયું નિવેદન માનવાલાયક છે કે જાણવા માટે તેનું સમર્થન કરતાં પુરાવા શોધવા જોઈએ. આવા મામલાઓમાં અદાલતોએ સાવધાનીપૂર્વક કામ કરવું જરૂરી છે. ખંડપીઠે જણાવ્યું હતું કે મૃત્યુ પહેલાનું નિવેદન શંકાસ્પદ હોય તેવા કેસોમાં પુષ્ટી કરતાં પુરાવા વગર આરોપીને દોષિત ઠેરવવો સુરક્ષિત નથી. એવું રેકોર્ડ પર આવ્યું છે કે પીડિતાએ બે નિવેદનો આપ્યાં હતાં, જે તેની પછીની જુબાનીઓથી સંપૂર્ણપણે અલગ હતાં, જેમાં ન્યાયિક મેજિસ્ટ્રેટ સમક્ષ આપેલા નિવેદનનો પણ સમાવેશ થાય છે. તેથી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષનું નિવેદનને સત્તાવાર બન્યું હતું.તપાસમાં દહેજ ઉત્પીડનના દૃષ્ટિકોણને પણ નકારી કઢાયો હતો.આ કેસમાં મદ્રાસ હાઈકોર્ટે હત્યાના કથિત ગુના માટે આજીવન કેદની સજાને બહાલી આપી હતી. સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો. ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ પતિએ આગ લગાડ્યાના ત્રણ સપ્તાહ પછી મહિલાનું હોસ્પિટલમાં દાઝી જવાથી મૃત્યુ થયું હતું. મહિલાએ હોસ્પિટલમાં પોલીસને કહ્યું હતું કે રસોડામાં અકસ્માતને કારણે આગ લાગી હતી. જોકે ત્રણ દિવસ પછી પોલીસે પીડિતાનું બીજું નિવેદન લીધું હતું, જેમાં તેને દાવો કર્યો હતો કે તેના પતિએ કેરોસીન છાંટીને આગ લગાવી હતી.

### ટ્રમ્પનો વાયદો પણ ફેલ!

## સુનીતા વિલિયમ્સ ફરી અંતરિક્ષમાં અટકી, નાસાએ મિશન સ્થગિત કર્યું

### સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરની વાપસીમાં ખુદ અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રસ લઈ રહ્યાં છે



। નવી દિલ્હી, તા.૧૩ ।

અંતરિક્ષ યાત્રી સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરની ધરતી પર વાપસી ફરી એકવાર અટકી ગઈ છે. અંતરિક્ષમાં ૯ મહિનાથી ફસાયેલી સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરની વાપસીને લઈને મોટી આશા હતી. અમેરિકાની સ્પેસ એજન્સી નાસ સુનીતાની વાપસી સુનિશ્ચિત કરવા માટે ક્રૂ-૧૦ નામનું સ્પેસશિપ લોન્ચ કરવાનું હતું. પરંતુ, ટેક્નિકલ ખામીના કારણે ક્રૂ-૧૦ નું લૉન્ચિંગ ટાળવું પડ્યું છે. NASA એ કહ્યું કે, ક્રૂ-૧૦માં હાઈડ્રોલિક સિસ્ટમમમાં તકલીફના કારણે લૉન્ચિંગ રોકવું પડ્યું છે.ભારતીય મૂળની અંતરિક્ષ યાત્રી સુનીતાની વાપસી માટે ક્રૂ-૧૦ મહત્ત્વપૂર્ણ છે કારણકે, તેનો હેતુ ક્રૂ-૯ ની જગ્યા લેવાનું છે. ક્રૂ-૯ દ્વારા જ અંતરિક્ષ યાત્રી સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર સ્પેસમાં ગયા હતાં. નાસાએ પહેલાં જ કહ્યું હતું કે, ક્રૂ-૯ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS) થી ત્યારે જ પરત આવી શકે છે, જ્યારે ક્રૂ-૧૦ અંતરિક્ષમાં લૉન્ચ થઈ જાય. નોંધનીય છે કે, સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરની વાપસીમાં ખુદ અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રસ લઈ રહ્યાં છે. તેમણે સ્પેસ એક્સના માલિક ઈલોન મસ્કને આ જવાબદારી સોંપી છે. ટ્રમ્પે થોડા દિવસ પહેલાં જ કહ્યું હતું કે, બાઈડેને સુનીતા અને બુચ વિલ્મોરને અંતરિક્ષમાં જ છોડી દીધાં છે. પરંતુ, મેં તેમને પરત લાવવા માટે ઈલોન મસ્ક સાથે વાત કરી છે અને મસ્કે આ માટે પોતાની સંમતિ પણ આપી છે. ત્યારબાદ મસ્કની કંપની સ્પેસ એક્સે આ દિશામાં કામ કરવાનું શરૂ કરી દીધું હતું અને ક્રૂ-૧૦ લૉન્ચ કરવાનું હતું, પરંતુ, હવે તેનું લૉન્ચિંગ પણ ટાળવામાં આવ્યું છે.NASA અનુસાર, હવે ક્રૂ-૧૦ ગુરૂવારે લૉન્ચ થઈ શકે છે. જોકે, આ તારીખ પણ નક્કી નથી અને હવામાન સહિત અન્ય પાસાઓ પર ધ્યાન આપવું જરૂરી છે. ક્રૂ-૧૦, સ્પેસએક્સની હ્યુમન સ્પેસ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમનું ૧૦મું ક્રૂ રોટેશન મિશન છે.

જણાવી દઈએ કે, સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ગત ૫ જૂને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચી ગયા હતાં. તેમણે એક અઠવાડિયા બાદ પરત ફરવાનું હતું પરંતુ, બોઈંગ સ્ટારલાઈનરમાં ગડબડના કારણે તે બંને ત્યાં ફસાઈ ગયા છે. બંને એસ્ટ્રોનૉટ્સ બોઈંગ અને નાસાના જોઈન્ટ ક્રૂ ફ્લાઈટ ટેસ્ટ મિશન પર અંતરિક્ષમાં ગયા હતાં. ત્યારબાદ તેમને પરત લાવવાનો પ્રયાસ શરૂ છે.

### પકડાયેલાં તમામની માનવ તસ્કરીના આરોપમાં ધરપકડ કરાઈ

## ગેરકાયદે લંડન જતાં ૮ની મુંબઇ એરપોર્ટ પર ધરપકડ

। (એજન્સી) મુંબઇ, તા.૧૩ ।

મુંબઈ પોલીસે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી આઠ લોકોની ધરપકડ કરી છે. આ ધરપકડ કરાયેલા તમામ લોકો પોતાને વિદ્યાર્થીને ગણાવીને લંડન જઈ રહ્યા હતા, એમાં એક વ્યક્તિએ ખુદને હરિયાણાની યુનિવર્સિટીનો પ્રોફેસર ગણાવ્યો હતો. પોલીસે આ તમામની માનવ તસ્કરીના આરોપમાં ધરપકડ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ આ તમામ સોમવારે એરપોર્ટના ઈમિગ્રેશન ચેકપોઈન્ટ પર પકડાયા છે. આરોપીઓએ ખોટા ડોકયુમેન્ટ અને ખોટી માહિતી રજૂ કરીને યુકેના વીઝા મેળવ્યા હતા. આ લોકો જેદાહ થઈને લંડન જઈ રહ્યા હતા. પોલીસ તપાસમાંથી જાણવા મળ્યું છે કે એજન્ટ બિટ્ટુએ પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂપિયા ૨૦ લાખ માંગ્યા હતા. ઈમિગ્રેશન અધિકારીઓને આરંભમાં બે યાત્રીઓ પાસેથી યુકેના વિઝિટર વીઝા મળ્યા, ત્યાર પછી શંકા થવા પર તમામની પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારે આ લોકોએ જે યુનિવર્સિટીમાં જવાનો દાવો કર્યો હતો, તે અંગેની જાણકારી માંગવામાં આવી તો એ સ્પષ્ટ જવાબ આપી શક્યા નહીં. જ્યારે ઈમિગ્રેશન અધિકારીઓ તેમને પૂછ્યું કે કયા કારણોસર લંડન જઈ રહ્યા છો, તો બંને યાત્રીએ ખુદને સ્ટુડન્ટ ગણાવ્યા અને કહ્યું કે હરિયાણાના હિસાર સ્થિત ઓમ સ્ટર્લિંગ ગ્લોબલ યુનિવર્સિટીના સ્ટુડન્ટ છીએ, અને સ્ટુડેન્ટ એક્સચેન્જ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે લંડન જઈ રહ્યા છે. આ સાથે બંને યાત્રીએ કહ્યું કે, અમારી સાથે યુનિવર્સિટીના પ્રોફેસર વિજેન્દર પ્રેમચંદ પણ સાથે છે. આ ધરપકડ કરાયેલા તમામ આઠ આરોપીઓને આગળની કાર્યવાહી કરવા માટે પોલીસને સોંપવામાં આવ્યા છે. પોલીસે તેમની સામે કાયદાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

### ભારતના તેજસ ફાઇટર જેટની મોટી ઉપલબ્ધિ

## સ્વદેશી એસ્ટ્રા બીવીઆર મિસાઇલનું સફળ પરીક્ષણ કરવામા આવયું

### એસ્ટ્રા મિસાઇલ અથવા એસ્ટ્રા બીવીઆર મિસાઇલડીઆરડીઓ દ્વારા વિકસાવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દેશની સુરક્ષાને મજબૂત કરવા માટે સેનાની ત્રણ પાંખો અને રિસર્ચ એજન્સીઓ સતત કાર્યરત રહે છે. ત્યારે હવે ભારતના સ્વદેશી ફાઈટર એરક્રાફ્ટ તેજસે એક મોટી ઉપલબ્ધિ મેળવી છે. એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સીએ LCA AF MK1 પ્રોટોટાઈપ ફાઈટર એરક્રાફ્ટમાંથી સ્વદેશી એસ્ટ્રા બીવીઆર(ASTRA BVR)એર-ટુ-એર મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે. બીવીઆર મિસાઈલ બીજા ફાઈટર એરક્રાફ્ટ સાથે લડવામાં અથવા કોઈ લક્ષ્યને નિશાન બનાવવામાં મદદ કરે છે. આ અંગે મળતી માહિતી મુજબ ૧૨ માર્ચ ના રોજ ઓડિશાના ચાંદીપુર કિનારે તેજસ LCA AF MK1 પ્રોટોટાઈપ ફાઈટર એરક્રાફ્ટથી એસ્ટ્રા બીવીઆરનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, પરીક્ષણ દરમિયાન મિસાઈલે ઉડતા લક્ષ્ય પર સફળતાપૂર્વક સીધો પ્રહાર કર્યો હતો. તેમજ બધી સબસિસ્ટમ્સે મિશનના તમામ પરિમાણો અને ઉદ્દેશ્યોને સચોટ રીતે પ્રદર્શિત કર્યા હતા.એસ્ટ્રા મિસાઈલ અથવા એસ્ટ્રા બીવીઆર મિસાઈલડીઆરડીઓ દ્વારા વિકસાવવામાં આવી છે. એસ્ટ્રા મિસાઈલ ૧૦૦ કિલોમીટરથી વધુ અંતરે સ્થિત લક્ષ્યોને નિશાન બનાવવામાં સક્ષમ છે. આ મિસાઈલ અદ્યતન નેવિગેશન ક્ષમતાઓથી સજ્જ છે. જે મિસાઈલને વધુ ચોકસાઈથી લક્ષ્યોને નષ્ટ કરવામાં મદદ કરે છે. આ મિસાઈલ પહેલાથી જ ભારતીય વાયુસેનામાં સામેલ થઈ ચૂકી છે.તેજસ MK1 ના પ્રોટોટાઈપ માંથી એસ્ટ્રા મિસાઈલનું સફળ પરીક્ષણ એડીએ. ડીઆરડીઓ, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ ના વૈજ્ઞાનિકો, ઈજનેરો અને ટેકનિશિયનોની ટીમની મોટી સફળતા માનવામાં આવી રહી છે.

## ગુનેગારને બચાવવા ટોળાએ પોલીસ કર્મીની હત્યા કરી

। (એજન્સી) અરરિયા, તા.૧૩ ।

બિહારમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિનો હવે પોલીસ કર્મીઓ પણ શિકાર બની રહ્યા છે. જેમાં રાજ્યના અરરિયા જિલ્લાના ફુલકાહા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુનેગારને ઝડપવા રેડ દરમિયાન બિહાર પોલીસના એએસઆઈને માર મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાથી પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાની પ્રાપ્ત માહિતી અનુસાર ફુલકાહા પોલીસ સ્ટેશનના એએસઆઈ રાજીવ કુમાર એક ગુનેગારને પકડવા માટે લક્ષ્મીપુર ગામમાં પહોંચ્યા હતા. પોલીસે ગુનેગારને કસ્ટડીમાં પણ લઈ લીધો હતો. આ દરમિયાન ગામલોકોએ તેના પર હુમલો કર્યો. જેમાં એવો આરોપ છે કે ગામલોકોએ તેને ઘેરી લીધો અને તેને નિર્દયતાથી માર માર્યો જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. માહિતી મળતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

### બંને દેશો પોતાના સંબંધોને ઉચ્ચ વ્યૂહાત્મક ભાગીદારીમાં તબદિલ કરશે

## ભારત અને મોરેશિયસ વચ્ચે દરિયાઇ સુરક્ષા સહિત ૮ કરાર

### મોરેશિયસના પ્રવાસના અંતિમ દિવસે મોદીએ મુખ્ય અતિથિ તરીકે ટાપુ રાષ્ટ્રના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં હાજરી આપી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસની મુલાકાતને પગલે ભારત અને મોરેશિયસે બંને દેશો વચ્ચેના સંબંધોને ઉચ્ચ વ્યૂહાત્મક ભાગીદારીમાં ફેરવવાનો નિર્ણય કર્યો હતો. બંને દેશોએ દરિયાઈ સુરક્ષા સહિત અનેક ક્ષેત્રોમાં સંબંધોને વેગ આપવા અને સ્થાનિક ચલણોમાં વેપારને પ્રોત્સાહન આપવા માટે આઠ કરારો પર હસ્તાક્ષર પણ કર્યા હતાં. મોરેશિયસની યાત્રાનું સમાપન કરી મોદી ભારત આવવા નીકળી ગયાં હતાં.મોરેશિયસના પ્રવાસના અંતિમ દિવસે મોદીએ મુખ્ય અતિથિ તરીકે ટાપુ રાષ્ટ્રના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં હાજરી આપી હતી અને વ્યૂહાત્મક રીતે સ્થિત આ દેશ માટે અનેક વિકાસ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રીએ ટાપુ રાષ્ટ્રમાં ભારતના ફંડિગ સાથેના વિવિધ પ્રોજેક્ટ્સનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં મોરેશિયસમાં ગતિ માટે મેટ્રો એક્સપ્રેસ, ન્યાય માટે સુપ્રીમ કોર્ટનું મકાન, આરામદાયક રોકાણ માટે સામાજિક આવાસ, સારા આરોગ્ય માટે ENT હોસ્પિટલ, બિઝનેસ અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટે UPI અને રૂપે કાર્ડનો સમાવેશ થાય છે. મોદી અને રામગુલામે અટલ બિહારી વાજપેયી ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક સર્વિસ એન્ડ ઈનોવેશનનું પણ લોકાર્પણ કર્યુ હતું.

**વિશેષ** ૩૭ કી.મી. રેલીમાં ૨૦૦થી વધુ અધિકારીશ્રીઓએ ભાગીદારી નોંધાવીને વિશ્વવિખ્યાત ભાતીગળ “ગેર મેળા” વિશે સ્થાનિકોને માહિતગાર કર્યા

## જિલ્લા વહીવટી તંત્ર છોટાઉદેપુર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્રના સંયુક્ત ઉપક્રમે ગેર મેળો – ૨૦૨૫ અંતર્ગત સાયકલ રેલીનું આયોજન કરાયું








। (માહિતી) છોટાઉદેપુર ।

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકા ખાતે હોળીના ત્રીજા દિવસે દર વર્ષે વિશ્વવિખ્યાત ભાતીગળ “ગેર મેળા” યોજાય છે. આ મેળાના આયોજનના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર છોટાઉદેપુર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્રના સંયુક્ત ઉપક્રમે ગેર મેળો – ૨૦૨૫ અંતર્ગત સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. નસવાડી તાલુકાની શ્રીનાથજી હોટેલ ચોકડીથી પ્રારંભાયેલી રેલી સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગરના પરેડ ગ્રાઉન્ડ ખાતે સમાપન થઈ હતી. છોટાઉદેપુરના કલેક્ટર સુશ્રી ગાર્ગી જૈનએ જણાવ્યુ હતું કે, છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકા ખાતે હોળીના ત્રીજા દિવસે એટલે કે, ૧૬ મી માર્ચે “ગેર મેળા” યોજાનાર છે.

જેના ભાગરૂપે આજરોજ છોટાઉદેપુર જિલ્લા વહિવટી તંત્ર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગરના સંયુક્ત ઉપક્રમે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેનો મુખ્ય ઉદ્દેશ ગેર મેળામાં મોટી સંખ્યામાં લોકભાગીદારી જોવા મળે. સાયકલ રેલી તા. ૧૨ માર્ચના રોજ સવારે ૦૬:૩૦ વાગ્યે નસવાડી તાલુકાની શ્રીનાથજી હોટેલ ચોકડીથી પ્રસ્થાન કરી સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગરના એકતા પરેડ ખાતે સમાપન થઈ હતી.

અંદાજિત ૩૭ કી.મી. રેલીમાં ૨૦૦ થી વધુ અધિકારીશ્રીઓએ ભાગીદારી નોંધાવી હતી. જેમો મુખ્ય ઉદ્દેશ વિશ્વવિખ્યાત ભાતીગળ “ગેર મેળા” વિશે છોટાઉદેપુર, વડોદરા, અમદાવાદ સહિત અન્ય જિલ્લાના લોકો જાણે અને મેળાનો લ્હાવો લઈ શકે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગર દ્વારા કુલ ૧૨૫ સાયકલની ફાળવણી કરવામાં આવી અને સંપુર્ણ સહયોગ મળ્યો હતો. આ રેલીમાં છોટાઉદેપુર જિલ્લા વહિવટી તંત્રના જિલ્લા વિકાસ અધિકારીશ્રી સચિન કુમાર, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ઈમ્તીયાઝ શેખ, પ્રાયોજના વહીવટદારશ્રી કલ્પેશ કુમાર શર્મા, છોટાઉદેપુરના નિવાસી અધિક કલેકટરશ્રી શૈલેશ ગોકલાણી, SOU ના અધિક કલેકટર સવશ્રી નારાયણ માધુ, ગોપાલ બામણીયા, દર્શક વિઠલાણી,નાયબ કલેકટરશ્રી સવશ્રી પ્રિતેશ પટેલ, વિમલ બારોટ અને, અભિષેક સિન્હા SOU ખાતેથી જોડાયા હતાં તેમજ છોટાઉદેપુરના આયોજન અધિકારીશ્રી હર્ષદ પ્રજાપતિ સહિત પોલીસ મહેસુલ અને સાંસ્કૃતિક વિભાગના અધિકારીશ્રીઓ સહિત સંબંધિત અધિકારીશ્રીઓ જોડાયા હતાં.

## ન્યૂઝ બ્રિફ

### હોળી-ધૂળેટી પર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રજાજનોને શુભેચ્છાઓ

। અમદાવાદ, તા.૧૩ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકોને રંગ ઉમંગના ઉત્સવ હોળી-ધૂળેટી પર્વની શુભકામનાઓ પાઠવી છે. આ ઉત્સવ જન-જનના જીવનને ખુશી, સમૃદ્ધિ અને ઉલ્લાસના રંગોથી તરબતર કરી દે તેવી શુભકામનાઓ તેમણે વ્યક્ત કરી છે. હોલિકા દહનની સાથે આસુરી શક્તિઓ, અનિષ્ટો, સામાજિક કુરિવાજો અને બદીઓનું પણ સમાજમાંથી દહન થાય તથા સમરસતા, સૌહાર્દ અને સદભાવ સાથે સુખ સમૃદ્ધિના રંગો ચોમેર પ્રસરે તેવી મંગલકામના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ રંગોનું આ પર્વ સામાજિક સમરસતાને ઉજાગર કરતું પર્વ પણ બની રહે તેવી અપેક્ષા વ્યકત કરી છે.

### આંગણવાડી કાર્યકર બહેનોની જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઇરાબેન ચૌહાણના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

। દાહોદ, તા.૧૩ ।

જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણના અધ્યક્ષ સ્થાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે આંગણવાડી કાર્યકર બહેનોની બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્મિત લોઢાની સૂચના મુજબ દાહોદ જિલ્લાના છેવાડાના લોકો સુધી મહિલા અને બાળ વિકાસની વિવિધ યોજના અને આંગણવાડીની કેન્દ્રો પર ગુજરાત સરકારની ચાલતી વિવિધ યોજનાનો લાભ લેવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે દાહોદ જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રો પર નાના ભૂલકાઓને ગુણવતાયુકત અને સ્વાદિષ્ટ ભોજન મળે તે માટે તમામ બહેનોને સૂચના આપવામાં આવી હતી. બેઠક દરમિયાન જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણ દ્વારા આંગણવાડી સમયસર બાળકો આવે અને એમને આંગણવાડીમાં પોષટીક આહાર રમત ગમત સહિત પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળે અને બાળકોમાં રહેલું કુપોષણ દૂર થાય તે બાબતે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણએ દાહોદ જિલ્લાની તમામ આંગણવાડી બહેનોને સૂચના આપવામાં આવી હતી.

### પ્રજાજનોનું સ્વાસ્થ્ય નિરોગી રહે અને જીવનમાં સુખાકારી વધે તેવી પ્રાર્થનાઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં વૈદિક હોલિકા દહનમાં સહભાગી થયા





। ગાંધીનગર, તા.૧૩ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં થલતેજ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાં વૈદિક હોલિકા દહનમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વૈદિક હોળીનું પૂજન કરી દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ પાવન પ્રસંગે પ્રજાજનો માટે પ્રાર્થના કરતા જણાવ્યું હતું કે, આપણો દેશ સંસ્કૃતિ સાથે જોડાયેલો દેશ છે. આપણે સૌ એક સાથે મળી આપણી સંસ્કૃતિને સાથે લઈ હોળીના તહેવારની ઉજવણી કરીએ અને આવતીકાલે ધુળેટીના અવસરે પ્રાકૃતિક રંગોથી રંગાઈને ઉજવણી કરીએ, તેવી તેમણે અપીલ કરી હતી. સાથે જ પ્રજાજનોનું સ્વાસ્થ્ય નિરોગી રહે અને તેમના જીવનમાં સુખકારી વધે તેવી પ્રાર્થના કરી હતી. વૈદિક હોળી મહોત્સવમાં એએમસી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, રાજકીય અગ્રણી શ્રી હિતેશભાઈ બારોટ, કોર્પોરેટરો તેમજ અનેક મહાનુભાવો તથા વિસ્તારના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### વિક્રમ ઠાકોરે વ્યક્ત કરી નારાજગી

## ગુજરાત વિધાનસભામાં ઠાકોર સમાજના કલાકારોને આમંત્રિત ન કરાતાં રોષ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

ગુજરાત વિધાનસભા ગૃહની કાર્યવાહીને નીહાળવા માટે ગુજરાતભરના ખ્યાતનામ કલાકારોને બોલાવવામાં આવ્યા હતા. જેમાં ઠાકોર સમાજના કોઈ કલાકારોને ન બોલાવવામાં આવતા વિક્રમ ઠાકોરે નારાજગી વ્યક્ત કરી હતી. વિક્રમ ઠાકોરનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં રાજકીય કાર્યવાહી નીહાળવા માટે ગુજરાતના પ્રખ્યાત કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં ગીતા રબારી, કિંજલ દવે, માયાભાઈ આહીર, રાજભા ગઢવી, કિર્તીદાન ગઢવી સહિતના કલાકારોને બોલાવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઠાકોર સમાજના કોઈપણ કલાકારોને બોલાવવામાં ન આવતા અભિનેતા વિક્રમ ઠાકોરે નારાજગી વ્યક્ત કરી હતી. વિક્રમ ઠાકોરે કહ્યું કે, મને એટલા માટે ખોટું લાગ્યું કે મારા સમાજના કોઈ કલાકારોને તમે ના બોલાવ્યા. હું મારા સમાજના મોટા નેતાઓને કહીશ કે, તમે આ નોંધ ન લીધી હોય તો લેજો અને આગળ આવું ન થાય તેનું ધ્યાન દોરજો. ઠાકોર સમાજના અનેક લોકોના મને ફોન આવ્યા છે. ઠાકોર સમાજ બહું મોટો છે અને ભાજપ હોય કે કોંગ્રેસ હોય દરેક પક્ષને સપોર્ટ કરે છે. બસ એટલી જ વિનંતી કરવા માંગું છું સરકારને કે, આવો કોઈ કાર્યક્રમ હોય તો મને બોલાવો ના બોલાવો પણ બીજા સમાજના મોટા કલાકારોને તમે બોલાવો એ બહુ સારી વાત છે.

### એક વીડિયો સુરતમાંથી વાઈરલ

## અજાણ્યા શખ્સોએ સ્કોર્પિયોની છત પર ચઢી કાયદાના લીરેલીરા ઉડાવ્યા

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

ગુજરાતમાં સોશિયલ મીડિયામાં વાઈરલ થવાના ચક્કરમાં જાણે યુવાનો કાયદો અને વ્યવસ્થા ભાન ભૂલી રહ્યાં છે. અવાર-નવાર એવા કિસ્સા સામે આવે છે જેમાં તલવારો લઈને લુખ્ખા તત્વો ગામ માથે લે છે, તો ક્યાંક ગાડીઓ પર સ્ટંટ કરે છે. પરંતુ હવે તો જાણે લોકોને પોલીસ અને કાયદા-વ્યવસ્થાની કંઈ પડી જ નથી. આજે અમદાવાદમાં સરદારનગર પોલીસસ્ટેશનનીસામેખુલ્લીતલવારસાથે પોલીસને લલકારતો વીડિયો વાઈરલ થયો હતો. આવો જ એક વીડિયો સુરતમાંથી વાઈરલ થયો છે. જ્યાં અજાણ્યા શખસોનું ટોળું ખુલ્લી જીપમાં રોડ વચ્ચે ધતિંગ કરી રહ્યા છે. આ સાથે પોલીસને ખુલ્લેઆમ લલકારી રહ્યા છે. સુરતમાં નબીરાઓના એક ટોળાનો વીડિયો વાઈરલ થયો છે. જેમાં GJ05 RV 9841 કારમાં અજાણ્યા શખસો ભેગા થઈને પોલીસને ગાળો આપી રહ્યા છે. આ સાથે પોતાના ચહેરાને કાળા રંગે રંગી રસ્તા વચ્ચે ધતિંગ કરતાં પોતાની સાથે અન્ય લોકોના જીવ પણ જોખમમાં મૂકી રહ્યા છે. વીડિયોમાં નબીરાઓ સ્કોર્પિયો પર બેસીને ફરી રહ્યાં છે અને બેફામ ગાડી હંકારી રહ્યાં છે. મોઢા પર કાળો કલર કરી પોલીસને ગાળો આપી લલકારી રહ્યા છે કે, હવે ઓળખો અને પકડી બતાવો. વારંવાર બનતી આવી ઘટનાઓ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્ન ઊભા કરે છે.

## તપાસમાં મદદ કરનાર સાયબર એક્સપર્ટ જ કળા કરી ગયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ સાથે જ્યારે છેતરપિંડી થાય ત્યારે તે પોલીસને મદદ લેતા હોય છે, પરંતુ પોલીસ જ છેતરપિંડીનો શિકાર બની જાય તો? આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં ડીસીપી ઝોન-૬ના સ્ક્વૉડ દ્વારા ગેરકાયદે કોલ સેન્ટર પર દરોડો પાડીને ૩૩ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને કેસની તપાસ માટે ખાનગી સાયબર એક્સપર્ટની **fraud by cyber expert himself** મદદ લીધી હતી પણ આ એક્સપર્ટે મદદના બહાને પોલીસને જ રમાડી ગયો. તપાસના નામે પોલીસની જાણ બહાર જ આરોપીના ક્રિપ્ટો વોલેટ-માંથી ૪૧ લાખની ક્રિપ્ટો કરન્સી પોતાના વોલેટમાં ટ્રાન્સફર કરીને ઉચાપત કરી ગયો. ગત ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ દેવેન્દ્ર પટેલે બાતમી આપી હતી કે, બોમ્બે હોટલ બીઆરટીએસ વર્કશોપની પાછળ આવેલી જૈનભ રેસીડેન્સી વિભાગ-૨માં રહેતા શેખ અયાઝ નામનો યુવક ગેરકાયદેસર રીતે પોતાના ઘરે કોલ સેન્ટર ચલાવી રહ્યો છે. જે બાતમીના આધારે ઝોન ૬ LCB એ દરોડા પાડતા ૨.૪૧ લાખથી વધુ રોકડ, ૩૩ મોબાઈલ ફોન, લેપટોપ, પાસપોર્ટ પેન ડ્રાઈવ અને એટીએમ કાર્ડ તેમજ માસ્ટર કાર્ડ અને કાર સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તે ફોનમાંથી પુરાવા મેળવવા માટે એક વ્યક્તિની મદદ લીધી અને તે વ્યક્તિએ જ લાખો રૂપિયાની ઠગાઈ કરી નાખી હોવાની ઘટના સામે આવી છે. આ કેસમાં ટેક્નિકલ એનાલિસિસ કરવા માટે પોલીસે ખાનગી સાયબર અકસપર્ટ દેવેન્દ્ર પટેલની મદદ લીધી હતી. તેણે જપ્ત કરેલા તમામ ૩૩ મોબાઈલ ફોન અને લેપટોપની ચકાસણી કરીને રિપોર્ટ આપ્યો હતો. ત્યારબાદ વધુ તપાસ માટે તમામ મુદ્દામાલ ગાંધીનગર ફોરેન્સીક લેબમાં મોકલી અપાયો હતો. બીજી બાજુ કોલ સેન્ટર કેસના આરોપી અયાઝ શેખે પોલીસને લેખિતમાં રજૂઆત કરી હતી કે, પોલીસે જપ્ત કરેલા ૩૩ મોબાઈલ ફોન પૈકી એક મોબાઈલમાં તેનું બિનાન્સનું ટ્રેડીંગ એકાઉન્ટ હતું. જેમાં ૪૮,૩૦૦ જેટલા યુએસડીની કિંમતના ક્રિપ્ટો હતા. જેની ભારતીય કરન્સી મુજબની કિંમત આશરે ૪૧ લાખ જેટલી હતી. તેને ઈમેઈલ આવ્યો હતો કે તેનું બિનાન્સનું એકાઉન્ટ બ્લોક છે અને ક્રિપ્ટો અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા છે. અંતે પોલીસે દેવેન્દ્ર પટેલને બોલાવી પોલીસની ભાષામાં પૂછપરછ કરતાં તેણે આ ગુનાની કબુલાત કરી હતી. ત્યારે જાણવા મળ્યું હતું કે તેણે શેખ અયાઝના એક મોબાઈલ ફોનમાં બિનાન્સ ટ્રેડિંગ એકાઉન્ટમાં રહેલી તમામ ક્રિપ્ટો કરન્સી તેના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી હતી.

ગુજરાત સરકાર
વિઝન આધુનિક ગુજરાતનું
મિશન આદિજાતિના સર્વાંગી વિકાસનું



આદિજાતિ વિસ્તારોમાં રહેતા નાગરિકોના સર્વાંગીણ વિકાસ અને સામાજિક ઉત્કર્ષના મંત્રને ધ્યાને રાખી આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૫,૧૨૦ કરોડની જોગવાઈ.

વનબંધુઓના સર્વાંગીણ વિકાસના કાર્યને વેગ આપવા વનબંધુ કલ્યાણ યોજના-૨.૦ અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માં આગામી પાંચ વર્ષમાં ₹૧ લાખ કરોડની ફાળવણી કરવાની જાહેરાત કરી હતી. આ વર્ષે અંદાજિત ₹30,૧૨૧ કરોડની ફાળવણી કરાઈ.







શૈક્ષણિક ઉત્કર્ષ
- આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી રેસિડેન્સિયલ સ્કૂલના બાંધકામ માટે **₹૯૧૨ કરોડનું** આયોજન
- અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા માટે **₹૭૫૫ કરોડનો** લાભ આપવામાં આવશે
- **દૂધ સંજીવની** યોજના અંતર્ગત **₹૨૩૩ કરોડની** ફાળવણી કરવામાં આવશે

આર્થિક ઉત્કર્ષ
- **મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૨૫ કરોડની** જોગવાઈ
- **મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૦૨ કરોડની** જોગવાઈ
- **મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ** યોજના હેઠળ **₹૧૦૦ કરોડની** જોગવાઈ
- **હળપતિ આવાસ** યોજના હેઠળ **₹૧.૨૦ લાખ** સહાયમાં વધારો કરીને **₹૧.૭૦ લાખ** કરાઈ

સામાજિક ઉત્કર્ષ
- આદિજાતિના લોકોને વ્યક્તિગત ધોરણે આવાસ સહાય માટે **₹૯૯ કરોડની** જોગવાઈ
- **બિરસા મુંડા યુવા સ્વાવલંબન** યોજના અંતર્ગત આદિજાતિના યુવક-યુવતીઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે બેંક ધિરાણ પર પુરૂષ માટે ૬%, સ્ત્રી અને પીવીટીજી-આદિમ જાતિ માટે ૭% વ્યાજ સહાય આપવા માટે **₹૭૪ કરોડની જોગવાઈ**